**સુવિચાર**
જીત માટે પૂર્ણ મનોબળ જોઈએ. ઈશ્વરને પ્રસન્ન કરો શબ્દોથી નહીં કર્મથી પ્રસન્ન કરો.
:: સૌજન્ય ::
**નિલકંઠ જવેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૧૦/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૦ આસો વદ-૧૩ વર્ષ : ૧૫ અંક : ૨૭૦

ફ્રી ઓપરેશન શ્રેષ્ઠ સારવાર આધુનિક સુવિધા ફ્રી ઓપરેશન
અકસ્માત ઈજા-ફ્રેકચર | સિઝેરીયન પ્રસુતિ | સારણગાંઠ | વધરાવળ | પથરી-પ્રોસ્ટેટ-કિડનીના રોગો | રસોળી-ચરબીની ગાંઠ
ઘુંટણની ગાદી-તાણીયાની ઈજા | એપેન્ડીક્ષ | પિતાશયની પથરી | હરસ-મસા-ફિશર | સ્ત્રીઓમાં છાતીમાં ગાંઠ
ફ્રી ડાયાલીસીસ સારવાર
દૂરબીનથી ઓપરેશન
(લેપ્રોસ્કોપિક એન્ડ એન્ડોસ્કોપિક સર્જરી) ફ્રી
- પથરી,
- પ્રોસ્ટેટ,
- કિડનીના રોગો તથા એપેન્ડીક્ષ,
- પિતાશય વગેરેનાં લેપ્રોસ્કોપિક
- તથા એન્ડોસ્કોપિક પધ્ધતિ દ્વારા ઓપરેશન
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,૯૯૭૮૨ ૨૩૦૦૦

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટનાં જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ થશે કાર્યવાહી

# અમરેલી જિલ્લામાં રાત્રિનાં ૮ થી ૧૦ સુધી જ ફટાકડા ફોડી શકાશે

**હોસ્પિટલ, નર્સિંગહોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ અને ધાર્મિક સ્થળની ૧૦૦ મીટરની અંદર ફટાકડાની મનાઈ**

**બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર માર્ગો અને પેટ્રોલપંપ નજીક પણ ફટાકડા ફોડી નહી શકાય**

**ચાઈનીઝ તુકકલ, આતશબાજી, બલુન કોઈપણ સ્થળે ઉડાડી શકાશે નહી**

**માન્ય ધ્વનિ સ્તરવાળા જ ફટાકડા ફોડી શકાશે નિયમનો ભંગ કરનાર વિરૂધ્ધ થશે કાનૂની કાર્યવાહી**

અમરેલી, તા. ૨૯

દિવાળી અને અન્ય તહેવાર દરમિયાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ–અકસ્માતના બનાવો ન બને અને જાહેર જનતાની સલામતી તથા તેમને કોઈ અગવડ ન પડે તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અમરેલી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ કલમ–૧૬૩ હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. સુપ્રીમ કોર્ટ દ્વારા ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેના ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવી છે.

આ સિવાય તમામ પ્રકારના ફટાકડાના ઉત્પાદન અને વેચાણ પર સુપ્રીમ કોર્ટ દ્વારા પ્રતિબંધ છે. ભારે ઘોંઘાટવાળા ફટાકડા સ્વાસ્થ્ય માટે હાનિકારક હોવાથી તથા વધુ પ્રદુષણ ફેલાવાતા હોય આથી તેના પર પણ પ્રતિબંધ છે. ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સ ધારક વેપારીઓ દ્વારા જ કરવાનું રહેશે. તમામ ઈ–કોમર્સ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ચીરોડી કલરમાં લક્ષ્મીજીની રંગોળી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં ધનતેરસનાં દિવસે ચીરોડી કલરમાં લક્ષ્મી માતાજીની રંગોળી દોરવામાં આવી. પોલીસ ગ્રાઉન્ડ વિસ્તારમાં રહેતા રસિલાબેન સંજયભાઈ ડાભીએ પોતાના ઘરઆંગણે આ રંગોળી બનાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, દિવાળીના તહેવાર દરમિયાન મહિલાઓ ઘરનાં આંગણે દિવા મૂકે છે તેમજ અવનવી અને આકર્ષક ચીરોડી કલરથી રંગોળી બનાવી ઘરનું આંગણું શોશોભિત કરે છે.

## નાયબ દંડક કૌશિક વેકરિયાની માંગને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સ્વીકારી

# અમરેલી–કુંકાવાવ પંથકમાં રૂપિયા ૧૨ કરોડના વિકાસ કાર્યોની જનતાને દિવાળીની ભેટ

### યુવા ધારાસભ્ય રાજય સરકાર પાસે વિકાસનાં કાર્યો ફટાફટ મંજુર કરાવી રહયા છે


અમરેલી, તા. ૨૯

અમરેલીના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાએ અમરેલી–કુંકાવાવ પંથકના ગ્રામ્ય વિસ્તારની વર્ષો જૂની માંગણી સરકારમાંથી મંજૂર કરાવી આ દિવાળી વિકાસવાળી બનાવી છે. અમરેલીના મોણપુર ગામને ચિત્તલ રેલવે સ્ટેશન સાથે જોડતા રોડનું કામ તથા કુંકાવાવ તાલુકાના દેવગામ–જીથુડી રોડ એમ બંન્ને નોન પ્લાન રસ્તાના કામ માટે કુલ ૧૨ કરોડ જેવી માતબર રકમ મંજૂર કરાવી છે.

તેઓની રજૂઆતથી આયોજન બહારના આ રસ્તાઓની કામગીરીને ખાસ અંગભુત યોજના હેઠળ રાજયના મુખ્યમંત્રી દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

રાજય સરકારની મંજૂરીની મહોર લાગતા ટૂંક સમયમાં જ આ કામો શરૂ કરવામાં આવશે.

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ આ બંન્ને કામો કરવા ખૂબ જરૂરી હોવાથી ધારાસભ્યએ રાજયના મુખ્યમંત્રીને આગ્રહપૂર્વક રજૂઆત કરી હતી. જેનો સાનુકૂળ પ્રતિસાદ આપી મુખ્યમંત્રી આ બંન્ને કામો માટે જોબ નંબર ફાળવી રૂપિયા ૧૨ કરોડ જેવી માતબર રકમ મંજૂર કરી છે.





જેમાં અમરેલી તાલુકાના મોણપુર ગામને ચિત્તલ રેલવે સ્ટેશન સાથે જોડતા રોડનું માટીકામ, મેટલિંગ, સ્પીલ સેક્શન, સી.સી.રોડ, નાળાનું કામ, સ્લેબ ડ્રેઈન તથા પ્રોટકશન દિવાલનું ૧ કી.મી.નું કામ રૂપિયા ૪ કરોડ ૫૦ લાખની રકમ સાથે મંજૂર કરવામાં આવ્યું છે. એ જ રીતે કુંકાવવ તાલુકાનાં દેવગામ જીથુડી રોડનું માટીકામ, મેટલીંગ, ડામર રોડ, નાળકામ તથા પ્રોટકશન દિવાલ સાથેનું ૭ કી.મી. રોડનું કામ રૂપિયા ૭ કરોડ ૫૦ લાખની રકમ સાથે મંજૂર કરવામાં આવ્યું છે.

આમ બંને તાલુકાના ગામોને સ્પર્શતા કામો મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા મંજૂર કરાતા ધારાસભ્ય કૌશિક વેકરિયાએ અમરેલીની જનતાવતી તેમનો આભાર વ્યકકર્યો છે. વધુમાં આગામી દિવસોમાં આ કામો ત્વરિત હાથ ધરી પૂર્ણ કરવામાં આવશે. આમ ધારાસભ્યના કર્મયોગ થકી અમરેલી કુંકાવાવ પંથકના ચાર ગામની દિવાળી બની છે વિકાસશીલ.

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
Krishna DINING HALL
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પૂરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
હવે આપણી ગોળ હોસ્પિટલમાં નિયમિત મળશે .......
- ડાયાબિટીસ - કિડની - લીવર ની તકલીફ
- હ્રદયરોગ - બીપી
- શ્વાસ ચડવો
- પેરાલીસીસ અને આંચકીની તકલીફ વગેરે તકલીફ ની સારવાર માટે મળો
કેશલેસ મેડિકલેમ સુવિધા ઉપલબ્ધ
ડૉ. હિરલ કુચા
એમ.ડી (કન્સલટન્ટ ફિઝિશિયન અને કાર્ડિયો ડાયાબિટોલોજિસ્ટ)
24X7 ઈમરજન્સી અને એમ્બ્યુલન્સ સુવિધા ઉપલબ્ધ
એન. સી. ટી. કેમ્પસ, ગોળ હોસ્પિટલ, ચિત્તલ રોડ, અમરેલી

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
70,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૯/૧૦/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Sheetal
We are HIRING!
MICROBIOLOGIST / CHEMIST (BSC/MSC) (MALE | FEMALE)
DAIRY TECHNOLOGIST (B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST (B.TECH/M.TECH) (MALE | FEMALE)
EXPORT EXECUTIVE (GRADUATE) (MALE | FEMALE)
Ready to take your future career to new heights?
PLEASE SEND YOUR CV
APPLY NOW
+91 98750 88560
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.

## દેશનાં વીર સપુત શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતીને અનુલક્ષીને

# અમરેલી ખાતે વહીવટીતંત્ર દ્વારા ''રન ફોર યુનિટી'' કાર્યક્રમ સંપન્ન

**જિલ્લા પોલીસ પરેડ મેદાન ખાતેથી નાયબ દંડક કૌશિક વેકરિયાએ લીલીઝંડી આપી એકતા દોડનું પ્રસ્થાન કરાવ્યું**

**સેન્ટર પોઈન્ટ, નાગનાથ ચોક, ડો. જીવરાજ મહેતા ચોક અને બાદમાં સેન્ટર પોઈન્ટ પર સમાપન થયું**

**સરદાર પટેલનાં દેશપ્રેમ અને કરેલા કાર્યોને યાદ કરવામાં આવ્યા**

**જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસ વડા, અધિક કલેકટર પણ ઉપસ્થિત રહ્યા**






અમરેલી, તા. ૨૯

દેશના વીર સપૂત શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ 'રાષ્ટ્રીય એકતા દિવસ'ના ઉપલક્ષમાં અમરેલી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમરેલી જિલ્લા પોલીસ પરેડ મેદાન ખાતેથી ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી–વડિયા–કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, જિલ્લા પોલીસ વડા હિમકરસિંઘ, નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલે લીલી ઝંડી આપી એકતા દોડને પ્રસ્થાન કરાવ્યું હતું.

અમરેલીના પોલીસ પરેડ મેદાનથી સેન્ટર પોઈન્ટ ચાર રસ્તા, નાગનાથ ચોક, રાજકમલ ચોક થઈ અને પરત સેન્ટર પોઈન્ટ સર્કલ ખાતે રન ફોર યુનિટીનું સમાપન થયું હતું. દોડના પ્રારંભે ઉપસ્થિત સૌએ રાષ્ટ્રીય એકતાના શપથ લીધા હતા. દોડમાં પોલીસ હેડકવાર્ટરનો સ્ટાફ, જી.આર.ડી. જવાનો, હોમગાર્ડના જવાનો, અમરેલીના રમતવીરો, વિદ્યાર્થીઓ અને નાગરિકો જોડાયા હતા.

કાર્યક્રમમાં અમરેલી પ્રાંત અધિકારી નાકિયા, જિલ્લા રમત વિકાસ અધિકારી, જિલ્લા રમત ગમત અધિકારી, જિલ્લા વહીવટીતંત્રના અધિકારી–કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરામાં શ્રી વડલીવાળી મેલડી મા મંદિરે ધનતેરસે ધનલક્ષ્મી માતાજીનો દિવ્ય શણગાર



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૯

બાબરામાં શ્રી વડલીવાળી મેલડી મા મંદિરે માતાજીના પરમ ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા ધનતેરસના પવિત્ર દિવસે શ્રી વડલી વાળી મેલડી માને ધનલક્ષ્મી માતાજીનો દિવ્ય અને અનુપન શણગાર કરવામાં આવ્યો હતો જેના ભાવિકોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

## જિલ્લા વિકાસ સમિતિએ કરી માંગ

# અમરેલીમાં નવુ બસપોર્ટ શરૂ થયુ અને હવે, નવા બસ રૂટ તો શરૂ કરો

**વિભાગીય નિયામકને આવેદનપત્ર પાઠવ્યુ**



અમરેલી, તા. ૨૯

અમરેલી જીલ્લા વિકાસ સમિતિનાં આગેવાનોએ વિભાગીય નિયામકને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે અમરેલીને નવુ બસ પોર્ટ મળેલ છે. સ્ટેટ આઉટ સ્ટેટનાં ધાર્મિક સ્થળો, અંબાજી, નાથદ્વારા વગેરે માટે આવન જાવન કરવા સ્લીપ કોચ બસની વ્યવસ્થા કરવી મુંબઈની બસ અગાઉ ચાલતી હોય તે કોઈપણ કારણોસર બંધ કરી દેવામાં આવી છે. તો તે સ્લીપીગ બસ ફરી ચાલુ કરો. વીરપુર અને કાગવડ (ખોડીયારની) બસ વચ્ચે ચાલુ કરવામાં આવેલ હતી તે પણ પાછી બંધ કરી દેવામાં આવી છે તે ફરી ચાલુ કરો. યાત્રાધામ સોમનાથ જવા માટે સવારની વહેલી બસ ચાલુ કરો અને સોમનાથ અમરેલી આપવા માટે રાત્રે સાત – આઠ વાગ્યાની બસ ચાલુ કરો. જેથી સોમનાથ તેમજ તેની આજુબાજુના ધાર્મિક સ્થળોનાં દર્શન કરી રાત્રે પરત ફરી શકાય તેમજ સાવરકુંડલાની સાત વાગ્યાની લોકલ બસ ચાલુ કરો. ભાવનગર જવા માટે રાત્રે એકપણ બસ નથી અને ભાવનગરથી અમરેલી આવવા માટે રાત્રે આઠ વાગ્યાની બસ મુકો. દિવાળીના તહેવારમાં અમદાવાદ ટ્રાફિકના હિસાબે એકસ્ટ્રા બસો મુકો એવી માંગ અંતમાં કરેલ છે.

## અમરેલી જિલ્લાની ધરતીએ હંમેશા મજબૂત નેતૃત્વ અને વ્યક્તિત્વ આપેલ હોય

# અમરેલી જિલ્લાનાં રાજકીય આગેવાનો એક અને નેક બને તો દુનિયાની કોઈ તાકત અમરેલીને વિકસિત બનતા અટકાવી ન શકે

**પરશોતમ રૂપાલા, દિલીપ સંઘાણી, નારણ કાછડીયા, કૌશિક વેકરિયા, પી.પી. સોજીત્રા, ડો. કાનાબાર, હીરાભાઈ સોલંકી, અંબરીશ ડેર, પરેશ ધાનાણી, પ્રતાપ દુધાત, બાવકુ ઉંઘાડ, હિરેન હિરપરા, મહેશ કસવાલા, ગોવિંદભાઈ ધોળકીયા, ગોપાલ વસ્તરપરા સહિતનાં દિગ્ગજો સક્ષમ**



અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લાનાં મહત્વનાં રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસનાં કદાવર આગેવાનો એક અને નેક બને તો દુનિયાની કોઈ તાકત અમરેલી જિલ્લાને વિકસિત બનતો અટકાવી ન શકે. કારણ કે અમરેલી જિલ્લાની ધરતીએ હંમેશા બાહોશ, નીડર, સેવાભાવી, કર્તવ્યનિષ્ઠ અને દીર્ઘદ્રષ્ટા પુત્રોને જ જન્મ આપેલ છે.

અમરેલી જિલ્લાનું ભૌગોલિક સ્થાન ભલે થોડું બાજુ પર હોય પરંતુ બીજી તરફ અમરેલી જિલ્લાને દરિયા, જંગલ અને પર્વતની ભેટ પણ મળી છે. તો જિલ્લાની ધરતી મગફળી, કપાસ, ઘઉં, તલ સહિતનાં ઉત્તમ કક્ષાની ખેતપદાશ પણ ઉપજાવી શકે તેવી ફળદ્રુપ છે.

અમરેલી જિલ્લો એ સંત અને સુરાની ભૂમિ માનવામાં આવે છે. સંત ભોજલરામ, સંત દાનાબાપુ, સંત આપાગીગા, કવિ કલાપી, કવિ દુલાભાયા કાગ, જોગીદાસ ખુમાણ, વીર રામવાળા, ડો. જીવરાજ મહેતા, કવિ રમેશ પારેખ, જાદુગર કે. લાલ જેવા સપૂતો રાષ્ટ્રને અર્પણ કર્યા છે. તો ઝવેરચંદ મેઘાણી, સંત મુળદાસની પણ કર્મભૂમિ બની છે.

અમરેલી જિલ્લાએ ભૂતકાળમાં ડો. જીવરાજ મહેતા બાદ નવિનચંદ્ર રવાણી, મનુભાઈ કોટડીયા, ખોડીદાસ ઠકકર, નરસીંહદાસ ગોંધિયા, દ્વારકાદાસ પટેલ જેવા રાજકીય આગેવાનો પણ સમગ્ર દેશને અર્પણ કરેલ છે.

અમરેલી જિલ્લામાં આજે પણ પરશોતમભાઈ રૂપાલા, દિલીપ સંઘાણી, નારણભાઈ કાછડીયા, કૌશિક વેકરિયા, મહેશ કસવાલા, પરેશ ધાનાણી, પી.પી. સોજીત્રા, પ્રતાપ દુધાત, હીરાભાઈ સોલંકી, ગોવિંદભાઈ ધોળકીયા, ડો. ભરત કાનાબાર, ગોપાલ વસ્તરપરા, અંબરીશ ડેર, હિરેન હિરપરા, બાવકુભાઈ ઉંઘાડ જેવા દિગ્ગજ રાજકીય આગેવાનો સક્રીય જોવા મળે છે.

ઉપરોકત તમામ રાજકીય આગેવાનો એક અને નેક બને, રાજકીય પક્ષાપક્ષી માત્રને માત્ર ૧૦ વર્ષ છોડી દે તો અમરેલી જિલ્લામાં ઉદ્યોગોની હારમાળા, રોજગારી, નેશનલ હાઈવે, એરપોર્ટ, બ્રોડગેજ રેલ્વે, પીવાનું પાણી, શ્રેષ્ઠ શિક્ષણ, ઉમદા આરોગ્ય સેવા, મજબુત કાયદો અને વ્યવસ્થા સહિતની સુવિધાઓ ઉભી થઈ શકે અને રાજય અને કેન્દ્ર સરકાર પાસેથી ૫ હજાર કરોડનું પેકેજ મંજૂર કરાવે, ઉદ્યોગપતિઓ માટે લાલજાજમ પથરાઈ જાય અને અમરેલી જિલ્લો વિકાસશીલ ને બદલે ચોકકસ વિકસિત બની શકે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

## વીજપડીનાં પૂર્વ સરપંચ યાકુબભાઈનું નિવેદન

# સાવરકુંડલામાં વર્ષોથી એકના એક ટેબલે ફરજ બજાવતાં કર્મચારીઓની બદલી કરો

**વર્ષોથી ફરજ બજાવતાં હોવાથી લોક પ્રશ્નોનો નિકાલ કરતા નથી**

સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલા શહેર તાલુકાની તમામ કચેરીઓ થી ત્રણ વર્ષથી વધુ સમયથી હોય કે એક થી વધુ વખત પુન નિમણુંક પામેલ હોય, સાવરકુંડલા વતની હોય કે જમાઈ હોય તેવા કર્મચારીઓને જે તાલુકામાં કયારેય ન નિમણુંક થઈ હોય તેવાં તાલુકામાં બદલવા જોઈએ. કેટલાક કર્મીઓ વર્ષો એક જ સ્થળે પડયા પાથર્યા રહે છે, કે નિવૃત થાય ત્યાં સુધી અન્ય તાલુકાઓમાં જતાં નથી અને જો બદલી થાય અને ઓર્ડર કેન્સલ ન કરાવી શકે તો ટુંક સમયમાં સાવરકુંડલામાં આ જતા હોય છે. તમામ પદાધિકારીઓ તમામ કચેરીએ શાળા–મધ્યાહન ભોજન આંગણવાડીઓ, રેશન શોપ વિગેરે જગ્યાએ જઈ સ્થળ ઉપર ઓચિંતી તપાસ દર માસે બે–ત્રણ વખત કરે તો આપોઆપ સરકારી કચેરીઓમાંથી વર્ગ–૨ અને વર્ગ–૧નાં અધિકારીઓ એ.સી. ચેમ્બરની બહાર આવી ચોકકસ જાગૃત થશે તેવી વેદના વીજપડીનાં પૂર્વ સરપંચ યાકુબ રસભાર્યાએ વ્યકત કરેલ છે.

વધુમાં જણાવે છે કે કેટલાક કર્મચારીઓ, લાંગ–વગની તાકાતથી ચોકકસ જગ્યાએ ચીટકી રહેતા હોય છે. દા.ત. સાવરકુંડલા ટાઉનથી રૂરલ, રૂલરથી ડી.વાય.એસ.પી.ઓફિસ કે પછી સરકારી દવાખાનામાંથી સબસેન્ટરમાં આમ માત્ર રેકર્ડ ઉપર જ બદલીઓ કેટલાક કિસ્સાઓમાં જાણવા મળે છે. લાંચીયા કામચોર, પેધી ગયેલાં કર્મચારીઓ નવા કર્મચારીઓને નિરૂત્સાહી કરે છે, જેથી આમ જનતાનાં કાર્યો ઝડપી સમયસર થવાના બદલે ધકકા ખાવામાં જ સમય શકિત વેડફાય છે. સરકારી કચેરીઓમાં રાજયથી ૩ : ૩૦ સુધી રિશેષ હોય છે, તે દરમ્યાન કે તે પહેલાં ઘરે જમવા જવાનો કોઈ નિયમ નથી આમ છતાં ૧:૩૦ ૩:૩૦ દરમ્યાન અરજદાર ચોતરફ તપાસમાં જ હોય છે કે ફરજ પરનાં કેટલાક કર્મચારીઓ કયારે આવશે ? અને અમારૂ કામ થશે, શાળામાં રીશેષ બાળકો માટે હોય છે. શિક્ષકોએ શાળ બહાર જવાનું નથી આમ છતાં કેટલાક શિક્ષકો શાળા બહાર પોતાનાં કામે જતાં રહે છે. ચુંટણીની કામગીરીમાં કયારેય જોડાયા ન હોય તેવાં કર્મચારીઓનું લીસ્ટ કયારેય કોઈ અધિકારીએ બનાવ્યું છે ખરૂ ? આવાં કર્મીઓએ ચુંટણી કામગીરી કરવા કયારે દબાણ થશે ? તેમ પણ કેટલાંક નિર્દોષ કર્મચારીઓ મનોમન પીડા અનુભવતા હોય છે, તે બાબત પણ લક્ષમાં લેવા જેવી છે. તમામ પેંધી ગયેલાઓની કયારેય કયાંય બદલી ન થઈ હોય તેવી જગ્યાએ જો નિમણુંક થાય તો આમ જનતાને રાહત થશે.

કેટલા કર્મચારીઓ અપડાઉન કરે છે ? તે પ્રશ્ને ઉચ્ચ અધિકારીઓ લક્ષ કેમ આપે ? કે જે ખુબ શની–રવીમાં ફેમીલી તરફ જતાં રહે છે. પોતે હેડકવાર્ટરમાં રહે તો બીજાને સલાહ આપે ને કર્મચારીઓ અપડાઉન બંધ કરશે તેવી શેખી ચુંટણી વખતે ચુંટણી પહેલાં કે ચુંટણી પછી કેમ કોઈ રાજકીય પક્ષનાં નેતા ઉચ્ચારતાં નથી ? જનત લક્ષી બાબત હોવા છતાં મૌન કેમ રહે છે ? લાંચીયા કર્મચારીઓનાં મત વધારે કે ઓછા જનતાનાં મત વધારે ? તેમ મતદાન માટે અપીલ કરનાર ઉમેદવારો કેમ વિચારતા નથી ? તેવાં વેધક સવાલ કરેલ છે.

## મીઠા અને મધુરા બાજરાનું અસ્તિત્વ જ જોખમમાં છે

# જાફરાબાદનાં બાબરકોટમાં બાજરાનાં વાવેતરની જમીનમાં ઉદ્યોગોએ મોટી ખાણો ખોદી નાખી

**જિલ્લા કોંગ્રેસનાં ઉપપ્રમુખે બાબરકોટની વાસ્તવિકતા ઉજાગર કરી**

અમરેલી, તા. ૨૯

તાજેતરમાં અમરેલી જિલ્લાના પ્રવાસે દેશના વડાપ્રધાન આવ્યા ત્યારે તેમણે જાહેર મંચ ઉપરથી જાફરાબાદના બાબરકોટના બાજરાના વખાણ કર્યા અને ઘણા નેતા અવારનવાર જાફરાબાદના બાબરકોટના બાજરાના વખાણ કરતા હોય છે તે સારી બાબત છે. પરંતુ જાફરાબાદના બાબરકોટના ખેડૂતોની આજે શું દશા એમની ઉપાધિ કયારેય કોઈ નેતાએ કરી નથી. આજે જાફરાબાદના બાબરકોટની આજુબાજુ કંપનીઓએ મોટી મોટી પથ્થરની ખાણો કરી હજારો એકર જમીન ખોદી નાખી છે. અત્યારે બાબરકોટની અંદર બાજરો ઉગે એવી સ્થિતિ નથી. કંપનીઓ ખેડૂતોને પોતાના ખેતરમાં પણ પ્રવેશવા દેતી નથી અને અમુક ખેડૂતોને કંપનીઓ ધાકધમકી આપી અને જમીન પચાવી પાડી છે અને અમુક ખેડૂતો ઉપર જમીન ખાલી કરવાના દબાણ કરી રહ્યા છે અને લેન્ડ ગ્રેબીંગના કેસની ધમકી પણ આપી રહ્યા છે. બાબરકોટના ખેડૂતોના સંતાનો બેરોજગાર થઈ રહ્યા છે ત્યારે આ બાબતે અવારનવાર ખેડૂતોએ મુખ્યમંત્રીને રજૂઆત કરેલી. ત્યારે વડાપ્રધાન બાબરકોટના બાજરાના વખાણ કરતા હોય તો આ ખેડૂતોની વેદના શું છે અને બાબરકોટના ખેડૂતોને ખાવા માટે બાજરો કંપનીવાળા ઉગાડવા દે છે કે નહીં એ પણ કયારેક દિલ્હીમાં બેઠા બેઠા ખેડૂતોના રૂદનને યાદ કરે એવી મારી વડાપ્રધાનને વિનંતી સાથે રજૂઆત છે. આગામી દિવસોમાં વડાપ્રધાન અથવા તેમનું પ્રતિનિધિ મંડળ બાબરકોટ ગામની મુલાકાત લઈ ત્યાંના ખેડૂતોને બાજરો વાવવા માટે જમીન કંપનીએ બાબરકોટમાં જમીન રહેવા દીધી છે કે નહીં તેની સ્થળ તપાસ કરી અને બાબરકોટના ખેડૂતોને ન્યાય આપે અને ખોટી રીતે બાબરકોટના બાજરાનું નામ લઈને રાજકીય ફાયદો લેવાનું બંધ કરવુ જોઈએ અને બાબરકોટના ખેડૂતોને બેરોજગાર યુવાનોને મદદ કરે તેમ જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂએ એક નિવેદનમાં જણાવ્યું છે.

## દેવાધિદેવ મહાદેવની પ્રતિમાની નિશ્રામાં દેશનાં સપૂતોની પ્રતિમાનું થશે અનાવરણ

# કાઉન્ટ ડાઉન શરૂ : ચમારડીમાં આવતીકાલે સોનાનો સુરજ ઉગશે

**જી.પી. વસ્તરપરા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગાગર જેવા ગામમાં સાગર જેવડુ કાર્ય થવા જઈ રહ્યું છે**

**ટ્રસ્ટનાં સંચાલક અને સરદારપ્રેમી ગોપાલ વસ્તરપરાનાં ''રાધે ફાર્મ'' ખાતે મહત્વની બેઠક યોજાઈ**

**મહાનુભાવોની પ્રતિમાનાં સ્થાપન પ્રસંગને ઐતિહાસિક બનાવવાની તૈયારીને આખરી ઓપ અપાયો**

**સંતો, મહંતો તેમજ રાજકીય અને સામાજિક આગેવાનોને સત્કારવા સમસ્ત ગામજનોમાં જબ્બરો ઉત્સાહ**




અમરેલી, તા. ૨૯

બાબરાના ચમારડી ગામે આગામી ૩૧ ઓકટોબર સરદાર સાહેબની ૧૪૯મી જન્મ જયંતી અને ભારત દેશના ૧૧ વીર સપુતોની પ્રતિમાનું અનાવરણની તમામ તૈયારીઓને ગોપાલભાઈ ચમારડી દ્વારા તેનાં આખરી ચરણ પર છે. ત્યારે ગોપાલભાઈ ચમારડી દ્વારા અને સમસ્ત ચમારડી ગ્રામજનોની વિવિધ કમીટીનાં કાર્યકર્તાઓનાં ટીમવર્ક દ્વારા ઉડીને આંખે વળગે તેવી વ્યવસ્થા સાથે ચમારડીના આંગણે ૧૧ મહાનુભૂતીઓની પ્રતિમાની અનાવરણ યોજાવા જઈ રહયો છે. ત્યારે ગોપાલ ચમારડી અને સર્વ જ્ઞાતિના યુવાનોની કમિટી મેમ્બરોમાં પણ અનેરો ઉત્સાહ છવાયેલો છે. સરદાર પ્રેમી અને લાઠી–બાબરા પંથકના ભામાશા ગોપાલભાઈ ચમારડીના સહયોગથી ચમારડી ગામને રંગીલું ગામડું બનાવીને ૩૧ ઓકટોબરના દિવસે આ ચમારડી ગામનો ઈતિહાસ રચાશે. સરદાર સાહેબની જન્મ જયંતી નિમિત્તે ગોપાલભાઈ ચમારડીના રાધે ફોર્મ હાઉસ ખાતે મિટીંગ મળી હતી. આ મીટીંગમાં આજ સુધીની થયેલી કામગીરીનું રિપોર્ટીગ કરવામાં આવ્યુ હતુ. આયોજનની માહિતી નાનામાં નાની વિગતો વિશેની છણાવટ કરવામાં આવી હતી. મીટીંગના પ્રારંભે ગોપાલભાઈ ચમારડી દ્વારા વિવિધ વ્યવસ્થામાંના ભાગરૂપે સમસ્ત જ્ઞાતિના નવયુવાનોને સ્ટેજ, પાર્કિંગ, રસોડા વિભાગ સહિત અન્ય કામગીરી વ્યવસ્થા અંગે જવાબદારી સોંપી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. ગોપાલભાઈ ચમારડી દ્વારા કમિટી મેમ્બરોમાં ઉત્સાહનો સંચાર થાય અને આ આયોજનનાં બાકીનાં જુજ દિવસોમાં તમામ મેમ્બરો પોતાની શિરે આવેલી જવાબદારીને સફળતાપૂર્વક પૂર્ણ કરે તેવુ જોમભર્યુ ઉદબોધન પાઠવ્યુ હતુ.

## અમરેલી જીલ્લામાં મકાન દુકાન ઔદ્યોગિક એકમ ઓફિસ ગોડાઉન કોલ્ડ સ્ટોરેજ વગેરે જગ્યા ભાડે આપતા સમયે પોલીસ સ્ટેશન જાણ કરવી

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં દુકાન ઔદ્યોગિક એકમ ઓફિસ ગોડાઉન કોલ્ડ સ્ટોરેજ વગેરે જગ્યા ભાડે આપતા સમયે માલિકે ભાડુઆત પાસેથી આધાર–પુરાવા મેળવીને સંબંધિત પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની રહેશે.

જગ્યાના માલિકે સંબંધિત પોલીસ સ્ટેશનમાં નિયત નમૂના મુજબની વિગત દર્શાવતું ફોર્મ ભરી તેમાં જરૂરી વિગતો પૂરી પાડવી.

આ અંગે અમરેલી જિલ્લા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ ભારતીય નાગરિક સુરક્ષા સહિતા–૨૦૨૩ની કલમ–૧૬૩ હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ છે. આ હુકમનો ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૨૨ની જોગવાઈઓ હેઠળ કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે ફરજ પરના હેડ કોન્સ્ટેબલ તથા તેઓની ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીઓને હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ફરિયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. જાહેરનામું સમગ્ર અમરેલી જિલ્લામાં તા.૨૩ ડિસેમ્બર, ૨૦૨૪ સુધી અમલી રહેશે.

### અચાનક હાથ પાવરને સ્પર્શી જતાં

## લાઠીમાં પ્રધાનમંત્રીનાં સ્ટેજ નીચે લાઈટ ફિટિંગ વેળા કરંટ લાગતા યુવકનું મોત

**સ્થાનિક પોલીસે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૨૯

મહેન્દ્રભાઈ તથા જસવંતભાઈ બંન્ને તા. ૨૭ રાત્રીના આશરે ૮:૩૦ વાગ્યા દરમ્યાન અમરેલીના લાઠી ગામે લાલજીદાદાના વડલા પાસે આવેલ ગ્રાઉન્ડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સભા સ્થળે સ્ટેજની નીચેના ભાગે એલઈડી ફિટીંગ અંગેનું વાયરીંગ કામ કરતા હતા. ત્યારે મહેન્દ્રભાઈ રતનસિંહ પટેલ નામનાં ૨૫ વર્ષિય યુવક પાના વડે પેનલના બોલ ફિટ કરતા હતા તે વખતે પેનલની મેઈન સ્વીચ બંધ કરેલ હતી અને અચાનક તેમના હાથમાં રહેલ પાનુ છટકતા તેમનો જમણો હાથ પેનલની સાઈડમાં જે બાજુથી પાવર આવતો હોય તે જગ્યાએ અડી જતા મહેન્દ્રભાઈને કરંટ લાગતા તે વીજ કરંટથી મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

વેચવાની છે
સેવરોલેટ એન્જોય મોડલ–2013
(૮–સીટર) ટીપટોપ કન્ડીશન,
ફુલ વિમો, ચાર નવા ટાયર,
કમ્પલીટ ગાડી, મોટા ફેમીલી માટે
અથવા ભાડામાં ચાલે તેવી ગાડી
તાત્કાલીક વેચવાની છે.
સંપર્ક કરો મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

હોલસેલ ભાવે ટી-શર્ટ... ટી-શર્ટ...
બ્રાન્ડ ન્યુ વેરાઈટીઝમાં હોલસેલ ભાવમાં ટીશર્ટનો અધધધ.... ખજાનો......
રીટેલર રેડીમેઈડ દુકાન ધારકો, ટીશર્ટના વેપારીઓ માટે અમારે ત્યાંથી કપલ ટીશર્ટ, ફેમિલી ટીશર્ટ, ગ્રૃપ મેચીંગ ટીશર્ટ, પ્રિન્ટેડ ટીશર્ટ....
નોંધ: બદલાની સવલત પણ આપવામાં આવશે
હોલસેલ..... હોલસેલ......
ફકત વેપારીઓ જ સંપર્ક કરે...
સંપર્ક : ૯૯૭૮૮ ૭૯૬૭૮

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે. નાયલોન ખમણ
ખમણ હાજરમાં મળશે.
ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

હોન્ડા સાથે તહેવારોનો ઉત્સવ
HONDA
માત્ર ₹999/- ભરીને લઈ જાઓ આપનું મનપસંદ Shine 100
80+ AVERAGE
દમદાર માઈલેજ | શાનદાર સ્ટાઈલ મજેદાર કમ્ફર્ટ | વ્યાજબી ભાવ
ફ્રી હેલ્મેટ
₹64900
ઓછો વ્યાજદર 9.50%
મહત્તમ લોન 95%
Shine 100
ડોક્યુમેન્ટ્સ • આધાર કાર્ડ • પાન કાર્ડ • બેન્ક પાસબુક • પાસપોર્ટ સાઇઝ ફોટા • ચેક • લાઇટબિલ
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

Hero
GO BIG GO XOOM
XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

Navnit
MARUTI SUZUKI CELERIO
મારૂતિ સુઝુકીનો શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
CELERIO
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 9904649999 સર્વિસ : 9904549999

॥ વંદે માતરમ્ ॥
YAMAHA Revs Your Heart
જીજ્ઞેશ એજન્સી
YES! YAMAHA
Make an Impression
fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino yaar
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

### વિકાસકામો માટે સમગ્રતયા ૧૬૬૪ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની રાજ્યની ૪ મહાનગર પાલિકાઓ અને ૪ નગરપાલિકાને દિવાળી ભેટ

## રાજ્યના નગરો-મહાનગરોમાં વસતા લોકોના જીવનધોરણમાં ઉન્નતિ અને સુખાકારી માટે ઈઝ ઓફ લીવિંગમાં વૃદ્ધિનો અભિગમ અપનાવ્યો છે

અમદાવાદ,તા.૨૯

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના વિવિધ કુલ ૫૦૨ કામો માટે કુલ ૧૬૬૪ કરોડ રૂપિયા ફાળવવા સૈદ્ધાંતિક મંજૂરી,ભચાઉ-ધાનેરા-ડાકોર-ખેડબ્રહ્મા નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજનાના કામો માટે કુલ ૬૭.૭૦ કરોડ રૂપિયા ફાળવાયા,સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ-આઉટગ્રોથ અને ફ્લાય ઓવરબ્રિજના મળીને કુલ ૧૨,૧૨૨ કરોડ રૂપિયા છેલ્લાં ત્રણ વર્ષમાં ફાળવવામાં આવ્યા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો-મહાનગરોમાં વસતા લોકોના જીવનધોરણમાં ઉન્નતિ અને સુખાકારી માટે ઈઝ ઓફ લીવિંગમાં વૃદ્ધિનો અભિગમ અપનાવ્યો છે.આ હેતુસર સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મુખ્યમંત્રીએ અમદાવાદ, વડોદરા, સુરત અને ગાંધીનગર મહાનગરોને વિવિધ ૫૦૨ જેટલા વિકાસકામો માટે સમગ્રતયા ૧૬૬૪ કરોડ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

મુખ્યમંત્રીએ આ ઉપરાંત રાજ્યની ચાર નગરપાલિકાઓ ભચાઉ, ધાનેરા, ડાકોર અને ખેડબ્રહ્માને ભૂગર્ભ ગટર યોજના ભાગ-૨ના કામો માટે કુલ રૂ. ૬૭.૭૦ કરોડની ફાળવણી કરવાની પણ સૈદ્ધાંતિક અનુમતિ આપી છે.રાજ્યના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગે આ સંદર્ભમાં મુખ્યમંત્રી સમક્ષ રજૂ કરેલી દરખાસ્તોને તેમણે અનુમતિ આપી છે.

ગુજરાતની સ્થાપનાના પચાસ વર્ષ પૂર્ણ થવા અવસરે તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આયોજનબદ્ધ શહેરી વિકાસ માટે ૨૦૧૦થી આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના શરૂ કરી છે.આ બહુહેતુક યોજનામાંથી નગરો-મહાનગરોમાં ટ્રાફિકભારણ સરળ કરવા, ફ્લાયઓવરબ્રિજ નિર્માણ માટે, અર્બન મોબિલિટી માટે, તેમજ નગરની આગવી ઓળખ ઊભી કરતાં કામો સાથે રોડરસ્તા, ડ્રેનેજ, પાણી પુરવઠા, સ્ટ્રીટલાઈટ, જેવા સામાજિક અને ભૌતિક આંતર-માળખાકીય વિકાસના કામો માટે નાણાં ફાળવણી કરવામાં આવે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તદઅનુસાર, સુરત મહાનગરમાં યાતાયાત સરળ બને અને માર્ગ પરના ટ્રાફિકનું ભારણ હળવું થાય તે હેતુથી સુરત મહાનગરપાલિકાને ૩૮૦કરોડ રૂપિયા ૬ ફ્લાય ઓવરબ્રિજના કામો માટે ફાળવવા સૈદ્ધાંતિક અનુમતિ આપી છે. મુખ્યમંત્રીએ સુરતમાં જે ૬ ફ્લાય ઓવરબ્રિજના કામો માટે રૂ. ૩૮૦ કરોડ મંજૂર કર્યા છે, તેમાં ઈસ્ટ ઝોન એ(વરાછા) વિસ્તારમાં સુરત-કામરેજ રોડ ઉપર એન્ટ્રી એક્ઝિટ રેમ્પ અને શ્યામધામ મંદિર જંક્શન પર ફ્લાયઓવરબ્રિજ, સુરત-બારડોલી રોડ ઉપર એ.પી.એમ.સી. જંક્શન નજીક ફ્લાયઓવર બ્રિજ, વલ્લભાચાર્ય રોડ પર હયાત શ્રીનાથજી ફ્લાયઓવર બ્રિજ પર જવા માટેનો એન્ટ્રી રેમ્પ, સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં મીડલ રીંગરોડ મહારાણા પ્રતાપ જંક્શન પર ફ્લાયઓવર બ્રિજ અને નીલગીરી સર્કલ જંક્શન પર ફ્લાયઓવર બ્રિજ વગેરેનો સમાવેશ થાય છે.મુખ્યમંત્રીએ અમદાવાદ મહાનગરના આઉટગ્રોથ વિસ્તારના ૪૬ જેટલા વિકાસકામો માટે ૩૧૬ કરોડ રૂપિયા પણ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ ૪૬ કામોમાં ડ્રેનેજ, સ્યુએઝ પ્લાન્ટ, રોડરસ્તાના કામો તેમ જ પશ્ચિમ ઝોન, ઉત્તર ઝોન અને ઉત્તર પશ્ચિમ તેમણે વડોદરા મહાનગરપાલિકાને પણ આઉટગ્રોથ વિસ્તારના ૫૦ કામો માટે ૬૮.૦૪ કરોડ રૂપિયા ફાળવવા અનુમતિ આપી છે. વડોદરા મહાનગરમાં આ કામો અંતર્ગત પાણી પુરવઠા, ડ્રેનેજ, વરસાદી ગટરના કામો, રોડના કામો, સ્ટ્રીટ લાઈટના કામો સાથે પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ ઝોનના વિવિધ કામો હાથ ધરાશે.એટલું જ નહીં, વડોદરા મહાનગર પાલિકાને ભૌતિક આંતર-માળખાકીય સુવિધાના પાણી પુરવઠા, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઈટ, બિલ્ડિંગ પ્રોજેક્ટ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અને જુદાજુદા ઝોનમાં ગટર, વરસાદી ગટર, બિલ્ડિંગ, બ્રિજ પ્રોજેક્ટ, પાર્ક્સ, ગાર્ડનના કામો વગેરે મળી ૩૭૦ કામો માટે ૭૫૫.૯૬ કરોડ રૂપિયાની ફાળવણીની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં ૧૪૪.૪૩ કરોડ રૂપિયા આંતર-માળખાકીય વિકાસ માટે મંજૂર કર્યા છે. આ રકમમાંથી ૩૬ કરોડ રૂપિયા શહેરની આગવી ઓળખના પાંચ કામો માટે ખર્ચ થશે. આ કામોમાં કોબા સર્કલથી ઈન્દિરા બ્રિજ, કોબા સર્કલથી તપોવન તથાકોબા સર્કલથી રક્ષાશક્તિ સર્કલ અને રક્ષાશક્તિ સર્કલથી શાહપુર સર્કલ સુધીના રસ્તાની બન્ને બાજુ લેન્ડસ્કેપિંગ, બ્યુટિફિકેશન તથા પબ્લિક સ્પેસ વિકસાવવાના વિવિધ કામો હાથ ધરાશે.ઉપરાંત પી.ડી.પી.યુ.-ગિફ્ટ સિટી રોડ પર બ્યુટિફિકેશનની કામીગીરી હાથ ધરાશે. આ ઉપરાંત રાયસણ, સરગાસણ સહિતના વિસ્તારોમાં રોડરસ્તાનાં ત્રણ કામો, છ બગીચાઓનાં નવીનીકરણ, સ્ટોર્મ વોટર વોટર ડિસ્પોઝલ અને ડ્રેનેજ લાઈન સહિતના કામો માટે પણ ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે.ભૌતિક આંતરમાળખાકીય સુવિધાના આવા કુલ ૧૩ કામો માટે ૯૭.૪૩ કરોડ રૂપિયાને મુખ્યમંત્રીએ મંજૂરી આપી છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં સામાજિક આંતર-માળખાકીય સુવિધા માટે રાયસણ ખાતે સ્વર્ણિમ સાંસ્કૃતિક કેન્દ્ર તથા રાંદેસણ ખાતે નવીન પાર્ટી પ્લોટના નિર્માણની કામગીરી, મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા આંગણવાડીઓ અને પી.એચ.સી. કેન્દ્રોના રિનોવેશન અને બાંધકામની કામગીરી સહિતના કામો માટે ૧૧ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. સમગ્રતયા ગાંધીનગરને ૨૨ કામો માટે ૧૪૪.૪૩ કરોડ રૂપિયા ફાળવવામાં આવશે. આ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે ૨૦૨૧-૨૨થી ૨૪-૨૫ના વર્ષોમાં રાજ્ય સરકારે ૮ મહાનગરોમાં આંતર-માળખાકીય વિકાસના કામો માટે કુલ ૯૫૯૧.૪૯ કરોડ, આઉટગ્રોથ એરિયાના કામો માટે ૧૩૮૮.૮૫ કરોડ અને ફ્લાય ઓવર બ્રિજ માટે ૧૧૪૧.૮૮ કરોડ મળીને સમગ્રતયા રૂપિયા ૧૨,૧૨૨ કરોડ ફાળવ્યા છે.

### અખંડિતતા તથા સુરક્ષા માટે સમર્પિત રહેવાના સામૂહિક શપથ લેવડાવ્યા

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં રન ફોર યુનિટીને ફ્લેગ ઓફ કરાવી

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આ વર્ષે સમગ્ર દેશમાં સરદાર સાહેબની ૧૫૦મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરાશે: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

અમદાવાદ,તા.૨૯

દેશની એકતા અને અખંડિતતા તથા સુરક્ષા માટે સમર્પિત રહેવાના સામૂહિક શપથ લેવડાવ્યા.સરદાર વલ્લભ ભાઈ પટેલ ના એક અને અખંડ ભારત ના સંકલ્પમાં અમદાવાદ ના નગરજનો એકતા માટેની દોડ રન ફોર યુનિટી થી સહભાગી થયા.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આ વર્ષે સમગ્ર દેશમાં સરદાર સાહેબની ૧૫૦મી જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરાશે: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કહ્યું કે, બે દિવસ બાદ અખંડ ભારતના શિલ્પી અને લોહપુરુષ એવા પૂજ્ય સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી છે, ત્યારે આ વીરપુરુષને ભાવાંજલિ આપવા આજે અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું છે.મુખ્યમંત્રી અને સૌ દોડવીરો એ દેશની એકતા અખંડિતતા અને સુરક્ષા માટે સમર્પિત રહેવાના સામૂહિક શપથ આ એકતા દોડના પ્રારંભે લીધા હતા. ભુપેન્દ્ર પટેલે કહ્યું કે લોહ પુરુષ અને દેશની એકતાના શિલ્પી સરદાર સાહેબની દોઢસો મી જન્મ જયંતીની સમગ્ર વર્ષ દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશભરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

તેમણે વધુમાં કહ્યું કે, ભારતના રાજકીય એકીકરણમાં સરદાર વલ્લભભાઈ પટેલના યોગદાનના સન્માનમાં ૩૧ ઓક્ટોબરના દિવસે ભારતભરમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવે છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં વર્ષ ૨૦૧૪થી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિના ઉપલક્ષમાં આ ઉજવણીની શરૂઆત કરવામાં આવી છે.મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યુ કે સરદાર વલ્લભભાઈ પટેલે એક અને અખંડ ભારતનું નિર્માણ કર્યું અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સરદાર સાહેબના 'એક ભારત, શ્રેષ્ઠ ભારતના સ્વપ્ન'ને સાકાર કર્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને જિલ્લા વહીવટી તંત્ર આયોજિત આ રન ફોર યુનિટી અખંડિતતાનું એક પ્રતીક છે. એટલુ જ નહીં, આ દોડ સૌને એકતાના તાંતણે બાંધે પણ છે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના સૌ નાગરિકોને દિવાળીની શુભેચ્છાઓ પણ પાઠવી હતી.અત્રે ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ૩૧મી ઑક્ટોબરના રોજ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવે છે, જે દેશની સમૃદ્ધ સાંસ્કૃતિક વિવિધતા અને એકતાની ઉજવણી કરવા માટે જીવનના તમામ ક્ષેત્રના લોકોને નજીક લાવીને સંવાદિતા અને એકતાના મૂલ્યોને પ્રોત્સાહન આપે છે.

ગુજરાતમાં સરદાર વલ્લભભાઈ પટેલના સંદેશ ને સન્માનિત કરવા માટે વિવિધ વય જૂથોના હજારો નાગરિકોને એકતા અને સૌહાર્દ તરફ પ્રેરિત કરવાના ઉદ્દેશ્ય સાથે રાજ્યભરમાં રન ફોર યુનિટીનું આયોજન કરવામા આવે છે.સમગ્ર ગુજરાતમાં તમામ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અલગ અલગ જગ્યા ઉપર રન ફોર યુનિટીનુ આયોજન કરવામા આવતું હોય છે. આ અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દ્વારા રન ફોર યુનિટીને સાબરમતી રિવર ફ્રન્ટ ખાતેના ઈવેન્ટ સેન્ટરથી શરૂ કરવામા આવી હતી. આ દોડ કુલ ૩.૦ કિલોમીટર અંતરની રહી હતી, જેમાં અંદાજિત ૨૫૦૦થી વધુ લોકો જોડાયા હતા.આ રન ફોર યુનિટીમાં અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભાબહેન જૈન, સર્વ સાંસદ સભ્ય, સર્વ ધારાસભ્ય તેમજ ડેપ્યુટી મેયર અને કાઉન્સિલર ઓ ,મ્યુનિસિપલ કમિશનર એમ. થેન્નારસન, અમદાવાદ કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી.કે, તેમજ અન્ય મહાનુભાવો, પોલીસના જવાનો, શિક્ષકો, વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

### એક કપલે પંદર વર્ષ પહેલાં Google પર કેસ કર્યો હતો

# Googleને ૨૧૭૯૦ કરોડ રૂપિયાનો દંડ થયો

## તેમણે પ્રાઇઝ કમ્પેરિસન અને શોપિંગ જેવા શબ્દો માટે Google સર્ચ પર તેમની વેબસાઇટ ખૂબ જ નીચે જતી હોય તે જોયું

બ્રિટન,તા.૨૯

બ્રિટનના એક કપલે પંદર વર્ષ પહેલાં Google પર કેસ કર્યો હતો. આટલા વર્ષ બાદ આ કપલ એ કેસ જીતી ગયું છે. આ કેસમાં Googleને ૨૧૭૯૦ કરોડ રૂપિયાનો દંડ થયો છે. પ્રાઇઝ કમ્પેરિસન વેબસાઇટ 'Foundem' ના માલિક શિવૉન અને એડમ રાફ દ્વારા ૨૦૦૬માં તેમના બિઝનેસની શરૂઆત કરાઈ હતી. આ વેબસાઈટ લાઈવ થતા જ, તેમણે પ્રાઈઝ કમ્પેરિસન અને શોપિંગ જેવા શબ્દો માટે Google સર્ચ પર તેમની વેબસાઈટ ખૂબ જ નીચે જતી હોય તે જોયું.આ વેબસાઈટ સર્ચ રિઝલ્ટમાં ખૂબ જ નીચે જવાનું મુખ્ય કારણ ઈંગ્લેન્ડીનું સ્પામ ફિલ્ટર ટૂલ હતું. આ ટૂલ દ્વારા આ વેબસાઈટને ખૂબ જ ઓછો રેંક અપાયો હતો. Google સ્પામ ફિલ્ટરના કારણે જે પણ વ્યક્તિ સર્ચ કરે તે આ વેબસાઈટ સુધી પહોંચી શકતી નહોતી. એના કારણે કંપની રેવેન્યુ જનરેટ કરી શકી નહોતી.એડમ દ્વારા BBCને જણાવવામાં આવ્યું હતું કે 'અમે અમારા પેજ અને તેની રેંકિંગ પર નજર રાખી રહ્યાં હતાં. અમે જોયું કે તેની રેંકિંગ તરત જ ઘટી ગયું હતું.' આ દરમિયાન શરૂઆતમાં તેમને લાગ્યું હતું કે આ કોઈ ભૂલ હોઈ શકે છે. આ વિશે શિવૉન કહે છે કે, 'અમને એવું લાગ્યું કે અમે કોઈ ચોક્કસ જગ્યાએ ગયા બાદ આ રેંકિંગ માટેની પેનલ્ટીને હટાવી શકીશું.'જો કે બે વર્ષ બાદ પણ ઘણા પ્રયાસ કરવા છતાં Google દ્વારા આ પેનલ્ટી હટાવાઈ નહોતી. Foundemનો ટ્રાફિક સતત ઓછો થઈ રહ્યો હતો. જ્યારે અન્ય સર્ચ એન્જિન પર તેનું રેંકિંગ બરાબર હતું. ૨૦૧૦માં યુરોપિયન સરકાર સાથે સંપર્ક કર્યા બાદ કપલને ખબર પડી કે ભૂલ ક્યાં હતી. લાંબી તપાસ બાદ ખબર પડી કે Googleએ Foundemના પ્રતિસ્પર્ધીઓની સામે પોતાની શોપિંગ સર્વિસનો ખોટી રીતે ઉપયોગ કર્યો હતો. યુરોપિયન સરકાર દ્વારા ૨૦૧૭માં Googleને દંડ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે 'Google દ્વારા માર્કેટ પર તેના વર્ચસ્વનો દુરુપયોગ કરાયો છે. આથી તેને ૨.૪ બિલિયન પાઉન્ડ એટલે કે અંદાજે ૨૧૭૯૦ કરોડ રૂપિયાનો દંડ કરવામાં આવ્યો છે.'

આ દંડ સામે Google દ્વારા અપીલ કરાઈ હતી અને એ કેસ સાત વર્ષ સુધી ચાલ્યો. ૨૦૨૪માં યુરોપની કોર્ટ દ્વારા આ અપીલને ફગાવી દેવામાં આવી અને જે દંડ ચૂકવવાનો આદેશ કરાયો. શિવૉન અને એડમ રાફના મતે, આ નિર્ણય વર્ષો પહેલાં આવી જવો જોઈએ હતો. શિવૉને આ વિશે કહ્યું કે 'અમને બંનેને એવું લાગતું હતું કે અમે કોઈ ફેરફાર લાવી શકીએ નહીં. લોકોને પરેશાન કરનારા લોકો અમને બિલકુલ પસંદ નથી.'આ કપલ હવે Google પર માનસિક હેરાનગતિનો કેસ કરવા જઈ રહ્યું છે. આ કેસની સુનાવણી ૨૦૨૬માં છે. ૨૦૧૬માં Foundemને બંધ કરી દેવાયું કારણ કે તે સતત રેંકિંગમાં નીચે હતું અને પ્રોફિટ એટલો નહોતો થઈ રહ્યો. આ વિશે એડમે કહ્યું કે 'અમને ખબર હોત કે અમારી લડાઈ ૧૫ વર્ષ ચાલશે તો અમે આ લડાઈ શરૂ કરતાં પહેલાં બે વાર વિચાર કર્યો હોત.'

# નવાબ મલિકને ચૂંટણી લડવા અજિત પવારની મંજૂરી : માનખુર્દ સીટ ઉપરથી ફોર્મ ભરશે

## નોમિનેશનના છેલ્લા દિવસે નવાબ મલિકને માનખુર્દ સીટ માટે એનસીપીના એ અને બી ફોર્મ સોંપવામાં આવ્યા છે

મુંબઈ,તા.૨૯

ભારતીય જનતા પાર્ટીના રાજકીય દબાણ છતાં અજિત પવારે મુંબઈના શક્તિશાળી નેતા નવાબ મલિકને માનખુર્દ વિધાનસભા બેઠક પરથી ઉમેદવાર બનાવ્યા છે. નોમિનેશનના છેલ્લા દિવસે નવાબ મલિકને માનખુર્દ સીટ માટે એનસીપીના એ અને બી ફોર્મ સોંપવામાં આવ્યા છે. નવાબ મલિકને અજીત જૂથ તરફથી આ છ અને B ફોર્મ મળ્યું છે. મતલબ કે નવાબ હવે આ સીટ પરથી નેશનલ ડેમોક્રેટિક એલાયન્સના ઉમેદવાર હશે. આને મોટી રાજકીય રમત કહેવામાં આવી રહી છે.વાસ્તવમાં અનુશક્તિનગરના ધારાસભ્ય નવાબ મલિકને ટિકિટ ન આપવા માટે ભાજપ સતત દબાણ કરી રહ્યું હતું. આ દબાણને કારણે અજિતે શરૂઆતમાં આ સીટ પરથી પોતાની ટિકિટ કેન્સલ કરાવી અને તેમની પુત્રી સના મલિકને ચૂંટણીનું પ્રતિક આપ્યું હતું. આ દરમિયાન નવાબ મલિકે માનખુર્દથી ઉમેદવારી નોંધાવવાની જાહેરાત કરી હતી. નવાબના આ સ્ટેન્ડ પછી ભાજપના મુંબઈ અધ્યક્ષ આશિષ શેલારે જાહેરમાં કહ્યું કે અમે કોઈ દાઉદ સમર્થકને ઉમેદવાર બનાવી શકીએ નહીં. શેલારના આ નિવેદન બાદ અજિત દિલ્હી પહોંચ્યા, જ્યાં તેમણે ઉમેદવારની પસંદગી પર ભાજપ હાઈકમાન્ડ સાથે લાંબી ચર્ચા કરી હતી.મહાવિકાસ આઘાડી સરકારમાં મંત્રી રહી ચૂકેલા નવાબ મલિક દાઉદ ઈબ્રાહિમ અને તેની સાથે જોડાયેલા લોકો પાસેથી પૈસા લેવાના આરોપમાં જેલમાં જઈ ચૂક્યા છે.

તેને આ વર્ષે આ આરોપોમાં જામીન મળી ગયા હતા. જેલમાંથી આવ્યા બાદ નવાબ મલિક શરદ પવારને છોડીને અજિત સાથે જોડાયા હતા. અજીત સાથે જવા બદલ નવાબ મલિકની ઘણી ટીકા થઈ હતી. મુંબઈની રાજનીતિ પર રાજ કરનારા નવાબ મલિકને મુસ્લિમોના મોટા નેતા માનવામાં આવે છે. નવાબ મલિક એનસીપીના મુંબઈ અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે.INDIA ગઠબંધને માનખુર્દ શિવાજીનગરથી સપાના અબુ આઝમીને સમર્થન આપ્યું છે. ફાયરબ્રાન્ડ અબુ આઝમી ૨૦૧૯માં આ સીટ પરથી ચૂંટણી જીત્યા છે. અબુ આઝમી મહારાષ્ટ્રમાં અખિલેશ યાદવની પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ પણ છે. માનખુર્દમાં મુસ્લિમ મતદારોની સંખ્યાને ધ્યાનમાં રાખીને પક્ષો અહીંથી મુસ્લિમ ઉમેદવારોને ઉભા રાખે છે.

### પોલીસે ૧૨ શખ્સોની ગેંગ ઝડપી

# અમદાવાદનો યુવાન ડિજિટલ એરેસ્ટના સાણસામાં આવ્યો

## વડોદરામાં બનેલા આવા જ પ્રકારના એક બનાવમાં એક મહિલાને ડિજીટલ એરેસ્ટ દ્વારા ધમકી આપીને લાખો રૂપિયા પડાવી લેવાયા હતા

અમદાવાદ,તા.૨૯

અમદાવાદના નારણપુરામાં નારણપુરામાં રહેતા એક યુવકના પાર્સલમાં ડ્રગ્સ અને અન્ય વાંધાજનક ચીજવસ્તુઓ હોવાથી ગુનો નોંધાયો હોવાનું કહીને યુવકને ડિજિટલ એરેસ્ટ કર્યા હતા. આ પછી તેના બેંક એકાઉન્ટમાં રહેલા નાણાં અને યુવકના નામે પર્સનલ લોન લઈને છેતરપિંડી આચરી હતી. મહત્ત્વનું છે કે, આ કેસનો ભેદ ઉકેલીને નારણપુરા પોલીસે આંતરરાજ્ય ગેંગના ૧૨ શખ્સોની ધરપકડ કરી છે. ઝડપાયેલા આરોપીઓ ચાઈનીઝ ગેંગના માટે છેતરપિંડીના નાણાંની હેરફેર કરવા માટે બેંક એકાઉન્ટ પુરા પાડતા હતા.વડોદરામાં બનેલા આવા જ પ્રકારના એક બનાવમાં એક મહિલાને ડિજીટલ એરેસ્ટ દ્વારા ધમકી આપીને લાખો રૂપિયા પડાવી લેવાયા હતા. છાશવારે લોકોને હાઉસ અરેસ્ટ કરીને લાખો પડાવતી ગેંગે પોલીસને પણ દોડતી કરી દીધી છે. અત્યાર સુધી આપણે ડિજિટલ અરેસ્ટના અનેક કેસ વિશે સાંભળ્યું, તેની વિવિધ મોડ્સ ઓપરેન્ડી વિશે જાણ્યું. આ બનાવમાં જેમાં એક શખસ નકલી IPS અધિકારી બનીને વડોદરાની શિક્ષિકાને ડિજિટલ અરેસ્ટ કરીને પૈસા પડાવી લે છે.આ વીડિયોમાં આપણે જોઈશું કે કેવી રીતે ઠગબાજોએ વડોદરાની મહિલાને હાઉસ અરેસ્ટ કરી તેને ટોર્ચર કરી, તેના પતિને ગોળી મારી દેવાની ધમકી આપી અને એક લાખ રૂપિયા પડાવી દીધા. આ મહિલા તેમને વિનંતી કરતી રહી અને સામે આરોપીઓ તેને પોલીસ અને CBI અધિકારીનો દમ મારી પોતાની કરતૂતને અંજામ આપતા રહ્યા.થોડા સમય માટે તમે ઊભા થઈ જાઓ, તમે કમ્પલિટ કેમેરામાં દેખાવા જોઈએ. મોબાઈલ પોર્ટ્રેટ પોઝિશનમાં સેટ કરો અને મોબાઈલ હાથમાં ન રાખો. હું સૌથી પહેલા મારી ઓળખાણ આપું. આઈપીએસ ઓફિસર રાકેશ કુમાર છું. મુંબઈ સાયબર ક્રાઈમ, ઈસ્ટ બ્રાંચ. હવે તમે મને સાંભળી શકતા હશો અને જોઈ પણ શકતા હશો.તમારો કેસ છે, એ ખૂબ સિરિયસ કેસ છે. સીબીઆઈ ઓફિસર દ્વારા મને આજે આ કેસની ઈન્ફોર્મેશન આપવામાં આવી છે. તમે બેસી જાઓ. તમે મુંબઈથી થાઈલેન્ડ ગેરકાયદે પાર્સલ મોકલ્યું છે. તમારા નામથી એક બેંક એકાઉન્ટ પણ છે. જેમાંથી તમે ૬.૮ મિલિયનની મની લોન્ડરિંગ કરી છે અને હ્યુમન ટ્રાફિકિંગ પણ કરવામાં આવી છે. જેથી સીબીઆઈ આ કેસની તપાસ કરશે. તમે અમને સહકાર આપશો અને આ વાતને ગોપનીય રાખશો.જો તમે નિર્દોષ છો. તો તમને જલદી જ ક્લિયરન્સ લેટર આપી દેવામાં આવશે. અમારા તરફથી તમને તો જ સહકાર મળશે જો તમે અમને સહકાર આપશો. તમને હાયર ઓથોરિટી દ્વારા જે પ્રોટોકોલ આપવામાં આવે તેને તમે ફોલો કરજો. જુઓ ઈન્વેસ્ટિગેશન ઓફિસર અને સીબીઆઈ ઓફિસરને પરમિશન નથી હોતી કે, તેઓ તેઓનો ફેસ રિવીલ કરે. તમારા બધા ડાઉટ ક્લિયર થઈ ગયા હશે.

### આ ચૂંટણીમાં ૧૦૧ ડેલિગેટએ લીધો હતો ભાગ

# ભાજપના જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયાનો સહકારી ક્ષેત્રમાં દબદબો

## કૃભકો ખાતર કંપની દ્વારા ડેલિગેટની ચૂંટણીમાં જયેશ રાદડિયાની તમામ પેનલનો વિજય

રાજકોટ,તા.૨૯

સહકારી ક્ષેત્રમાં જયેશ રાદડિયાનો દબદબો શરૂથી યથાવાત રહ્યો છે. કૃભકો ખાતર કંપની દ્વારા ડેલિગેટની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં ભાજપના જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયાની તમામ પેનલનો વિજય થયો છે. ૧૦૧ ડેલિગેટની ચૂંટણી યોજાઈ હતી. જેમાં જયેશ રાદડિયાની પેનલે વિજય થતાં ફરી એકવાર સહકારી ક્ષેત્રમાં પોતાની પકડનો પરચો બતાવી દીધો છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રના સહકારી ક્ષેત્રમાં રાદડિયા પરિવારનો દબદબો રહ્યો છે જયેશ રાદડિયા ના પિતા વિઠ્ઠલ રાદડિયા સહકારી ક્ષેત્રમાં જે ક્રાંતિ લાવ્યા તેના કારણે આજે પણ જયેશ રાદડિયા આ સહકારી વારસાના મીઠા ફળ ખાઈ રહ્યા છે.તાજેતરમાં ઈફકોના ડિરેક્ટર પદની ચૂંટણીમાં જયેશ રાદડિયાનો વિજય થયો હતો, ત્યારબાદ હવે કૃભકો દ્વારા ડેડિગેટની ચૂંટણી યોજવામાં આવી હતી, આ ચૂંટણીમાં ૧૦૧ ડેલિગેટએ ભાગ લીધો હતો. જેમાં રાજકોટ, મોરબી અને કચ્છ જિલ્લાની ત્રણેય પેનલમાં જયેશ રાદડિયાની તમામ પેનલનો વિજય થયો હતો.

# નકલી જજની તમામ ડીગ્રી માન્યતા વગરની અને બનાવટી હોવાનો ખુલાસો

## ૨૦૧૯માં નકલી જજ મોરિસ ક્રિશ્ચિયને ખોટા ઓર્ડર કર્યા હતા

અમદાવાદ,તા.૨૯

અમદાવાદમાંથી ઝડપાયેલા નકલી જજના કેસમાં સતત ખુલાસા થઈ રહ્યાં છે. ત્યારે અમદાવાદમાં નકલી જજે છસ્ઝના પ્લોટ પર કરેલા ખોટા દાવાનો ખુલાસો થયો છે. AMCના જવાબદાર અધિકારીઓ સામે વિજિલન્સ તપાસ સામે થશે. ૨૦૧૯માં નકલી જજ મોરિસ ક્રિશ્ચિયને ખોટા ઓર્ડર કર્યા હતા.

ખોટા ઓર્ડર કરાયા છતાં AMCના અધિકારીઓ બેદરકારી દાખવી હતી. પાંચ વર્ષ સુધી AMC ના અધિકારીઓએ કોઈ કાર્યવાહી કરી નથી. તો બીજી તરફ નકલી લવાદ જજ મોરીસ ક્રિશ્ચિયનના રિમાન્ડ દરમિયાન એક બાદ એક કરતૂતો સામે આવી રહી છે.પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપી મોરીસ ક્રિશ્ચિયન તમામ ડીગ્રીની માન્યતા વગરની અને બનાવટી છે.

બીજી તરફ અમદાવાદમાં નકલી જજ મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચિયન વિરુદ્ધ કારંજ પોલીસ મથકે વધુ એક ગુનો નોંધાયો છે. બીજી ફરિયાદ સિટી સિવિલ કોર્ટના રજિસ્ટ્રાર હાર્દિક દેસાઈએ નોંધાવી છે. અન્ય એક આરોપી વકીલ એસ.વી.રાવલ સામે પણ ગુનો દાખલ થયો છે.

AMCની માલિકીની જમીન પચાવી પડવા ખોટા દસ્તાવેજ બનાવ્યાનો આરોપ લગાવવામાં આવ્યો છે. ગુનાહીત સિન્ડીકેટ રચી ઓર્ગનાઈડ ક્રાઈમ મુજબ ગુનો કર્યાનો ઉલ્લેખ કર્યો છે. ૩ નવેમ્બર સુધી આરોપી મોરિસ સેમ્યુઅલ ક્રિશ્ચિયન પોલીસ રિમાન્ડ પર છે.

### દર્દીઓને રાહત આપતાં દવાઓના ભાવ ઘટાડવા આદેશ

# કેન્દ્ર સરકારે કેન્સરના દર્દીઓને રાહત આપતા ત્રણ દવાઓને સસ્તી કરી

## દવાઓ પર દૂર કરવામાં આવેલી કસ્ટમ ડ્યૂટી અને જીએસટીમાં ઘટાડાનો લાભ ગ્રાહકો સુધી પહોંચાડવા આદેશ આપ્યો છે

નવીદિલ્હી,તા.૨૯

કેન્દ્ર સરકારે દિવાળી પૂર્વે કેન્સરના દર્દીઓને રાહત આપતાં દવાઓના ભાવ ઘટાડવા આદેશ આપ્યો છે. બ્રેસ્ટ કેન્સર અને લંગ્સ કેન્સરની સારવાર માટે વપરાતી દવાઓ હવે સસ્તી થશે.

સરકારે ફાર્મા કંપનીઓને કેન્સરની દવાઓ પર દૂર કરવામાં આવેલી કસ્ટમ ડ્યૂટી અને જીએસટીમાં ઘટાડાનો લાભ ગ્રાહકો સુધી પહોંચાડવા આદેશ આપ્યો છે. નેશનલ ફાર્માસ્યુટીકલ પ્રાઈસિંગ ઓથોરિટીએ ઓફિસ મેમોરેન્ડમ બહાર પાડી બ્રેસ્ટ કેન્સર અને લંગ્સ કેન્સરની સારવાર માટે વપરાતી ત્રણ મુખ્ય એન્ટી બાયોટિક ટ્રાસ્ટુઝુમાબ, ઓસિમેર્ટિનિબ અને ડુર્વાલુમબના ભાવ ઘટાડવા નિર્દેશ કર્યો છે.

કેન્દ્ર સરકારે ૨૦૨૪-૨૫માં જ કેન્સરની આ ત્રણ દવાઓને કસ્ટમ ડ્યૂટીમાંથી મુક્ત કરી હતી. નાણા મંત્રાલયે ૨૩ જુલાઈના નોટિફિકેશન જાહેર કરી ત્રણ દવાઓ પર કસ્ટમ ડ્યૂટી ૧૦ ટકાથી ઘટાડી ઝીરો કરી હોવાની જાહેરાત કરી હતી. જેનો સીધો લાભ દવાની સ્ઈ માં ઘટાડો કરી ગ્રાહકો સુધી પહોંચાડવો જરૂરી છે.

સરકારે આ દવાઓ પર જીએસટી દર ૧૨ ટકાથી ઘટાડી ૫ ટકા કર્યો હતો. જેથી ફાર્મા કંપનીઓએ ૧૦ ઓક્ટોબરથી જ કેન્સરની આ દવાઓના ભાવ ઘટાડી નવા ભાવ લાગુ કરવા કહ્યું હતું. ઉત્પાદકોને એમઆરપી ઘટાડી ડીલર્સ, સ્ટેટ મેડિસિન કંટ્રોલર્સ અને સરકારને ભાવમાં ફેરફાર અંગે જાણકારી આપવા પણ નિર્દેશ કર્યો હતો.

લાન્સેટના રિપોર્ટ અનુસાર, ભારતમાં કેન્સરના દર્દીઓની સંખ્યા ૧૪ લાખથી વધુ થઈ છે. જેમાં દરવર્ષે વધારો થઈ રહ્યો છે. ૨૦૨૦માં કેન્સરના ૧૩.૯ લાખ, ૨૦૨૧માં ૧૪.૨ લાખ અને ૨૦૨૨માં ૧૪.૬ લાખ કેસો નોંધાયા હતા.

### વાયનાડમાં પ્રિયંકા ગાંધીએ મધર ટેરેસાની યાદો વાગોળી

# કેન્દ્ર સરકાર દેશમાંથી બંધારણના મૂલ્યોને ખતમ કરી રહી છે : પ્રિયંકા ગાંધી

## ભાજપ સરકાર ભય, રોષ અને તણાવ ફેલાવી રહી હોવાનો વાયનાડમાં કોંગ્રેસ નેતાનો આક્ષેપ

વાયનાડ, તા.૨૯

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ વાયનાડની પેટા ચૂંટણી માટે બીજા તબક્કાનો પ્રચાર શરૂ કરી દીધો છે. તેમણે સોમવારે ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર પર બંધારણના મૂલ્યોને ખતમ કરવાનો આરોપ મૂક્યો હતો. એઆઈસીસીના જનરલ સેક્રેટરી પ્રિયંકા ગાંધીએ મીનાંગડી ખાતે લોકોને સંબોધતા મણિપુરની હિંસાને ટાંકી દેશમાં લઘુમતી સમાજ પર આયોજનબદ્ધ રીતે હુમલા થઈ રહ્યા હોવાનો આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, ‘‘તમે જાણો છો કે કેન્દ્રની ભાજપ સરકાર ભય, રોષ અને તણાવ ફેલાવી રહી છે.’’ પ્રિયંકાએ જણાવ્યું હતું કે, ‘‘સામાન્ય જનતાને બદલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મિત્રોની તરફેણ માટે સતત જુદીજુદી પોલિસી બનાવાઈ રહી છે. રોજ તનતોડ મહેનત કરતા ખેડૂતો માટે કોઈ દયા નથી. આદિવાસી સમાજને કોઈ સમજતું નથી. તેમની જમીનો ધનાઢ્ય લોકો ખૂંચવી રહ્યા છે.’’ પ્રિયંકાએ ભાઈ રાહુલ ગાંધીને ટાંકીને જણાવ્યું હતું કે, ‘‘આજે આપણે મોટી લડાઈ લડી રહ્યા છીએ અને તે (રાહુલ) લડાઈનું નેતૃત્વ કરી રહ્યા છે. આપણે બંધારણના મૂલ્યોને જાળવવા લડત આપી રહ્યા છીએ. આજે આપણે લોકશાહી માટે લડી રહ્યા છીએ.’’વાયનાડમાં લોકસભા પેટાચૂંટણી માટે ઉમેદવારી નોંધાવનાર પ્રિયંકા ગાંધીએ મધર ટેરેસા સાથે સંબંધિત એક હૃદયસ્પર્શી વાર્તા શેર કરી છે. પોતાના પ્રચાર દરમિયાન એક ચૂંટણી રેલીને સંબોધતા પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું કે મારા પિતાની હત્યા બાદ મધર ટેરેસા અમારા ઘરે આવ્યા હતા. તેમણે મને કહ્યું કે મારે નિરાધાર લોકો માટે કામ કરવું જોઈએ. ત્યાંથી મેં લોકો માટે કામ કરવાની અને તેમને મદદ કરવાની ઈચ્છા વિકસાવી છે. મેં તેમના ટ્રસ્ટમાં બહેનો સાથે કામ કરવાનું શરૂ કર્યું. ત્યાં મારું કામ બાળકોને ભણાવવાનું અને સાફ કરવાનું હતું. ત્યાં મને સમજાયું કે સેવાનો અર્થ શું છે, એક સમુદાય બીજા સમુદાયને કેવી રીતે મદદ કરી શકીએ છીએ, આપણે એકબીજાને કેવી રીતે ટેકો આપી શકીએ. વાયનાડમાં મેં જોયું છે કે કેવી રીતે એક સમુદાયે બીજા સમુદાયને મદદ કરી હતી. મને તે જોઈને ખૂબ જ ગર્વ થયો.

### પૃથ્વીવાસીઓને દિવાળીની શુભેચ્છા પાઠવી

# અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અંતરિક્ષમાં જ દિવાળી ઉજવશે

## આ વર્ષે મને પૃથ્વીથી ૨૬૦ માઈલ દૂર દિવાળી ઉજવવાની અનોખી તક મળી છે આ દરમિયાન સુનીતા વિલિયમ્સે તેના પિતાના પ્રયાસોને યાદ કર્યા

અમદાવાદ,તા.૨૯

નાસાના અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સ આ વખતે અવકાશમાં જ દિવાળી ઉજવશે. તેમણે ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન તરફથી એક વીડિયો મેસેજ શેર કર્યો છે જેમાં તેમણે પૃથ્વીવાસીઓને દિવાળીની શુભેચ્છા પાઠવી હતો. તેમણે કહ્યું કે, ’આ વર્ષે માને પૃથ્વીથી ૨૬૦ માઈલ દૂર દિવાળી ઉજવવાની અનોખી તક મળી છે.’ આ દરમિયાન સુનીતા વિલિયમ્સે તેના પિતાના પ્રયાસોને યાદ કર્યા હતા. જેણે તેમના પરિવારને દિવાળી અને અન્ય ભારતીય તહેવારો વિશે શીખવીને ભારતીય સંસ્કૃતિને જીવંત રાખી હતી. વીડિયો મેસેજમાં સુનીતા વિલિયમ્સે જણાવ્યું હતુ કે, ’આ વર્ષે મને પૃથ્વીથી ૨૬૦ માઈલ દૂર ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન પર દિવાળી ઉજવવાની અનોખી તક મળી છે. દિવાળી એ આનંદનો સમય છે, આજે અમારા સમુદાય સાથે દિવાળીની ઉજવણી કરવા અને અમારા સમુદાયના એનેક યોગદાનને માન્યતા આપવા બદલ અમેરિકન પ્રમુખ જો બાઈડેન અને ઉપપ્રમુખ કમલા હેરિસનો આભાર.’ આ વીડિયો મેસેજ વ્હાઈટ હાઉસમાં આયોજિત દિવાળીની ઉજવણી દરમિયાન આવ્યો હતો.સુનીતા વિલિયમ્સ તેના સાથી અવકાશયાત્રી બૂચ વિલમોર સાથે જૂનથી ISS પર છે. બંનેએ પહેલી ક્રૂ ફ્લાઈટ પાંચમી જૂને બોઈંગના સ્ટારલાઈનર સ્પેસક્રાફ્ટ પર કરી હતી, જે છઠ્ઠી જૂને સ્પેસ સ્ટેશન પર પહોંચી હતી. સ્ટારલાઈનરને તેના ક્રૂ વિના પૃથ્વી પર પરત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને છઠ્ઠી સપ્ટેમ્બરના રોજ સ્પેસક્રાફ્ટ સફળતાપૂર્વક પાછું ફર્યું હતું, કારણ કે ઓગસ્ટમાં નાસાએ વિલમોર અને વિલિયમ્સને પૃથ્વી પર પાછા ફરવું ખૂબ જોખમી હતું. હવે નાસાએ પૃથ્વી પર તેઓના આગમનની ૨૫મી ફેબ્રુઆરી ૨૦૨૫ નક્કી કરી છે.

### દુનિયાભરમાં પ્રતિ વર્ષે ૨૯ ઓક્ટોબરે ‘વર્લ્ડ સ્ટ્રોક ડે’ મનાવવામાં આવે છે

# સતત લાંબો સમય સુધી ઊભાં રહેતાં લોકોને સ્ટ્રોકનું જોખમ

## લાંબા સમય સુધી ઊભા રહેવાથી પગમાં લોહી જમા થઈ જવાનો ખતરો વધી જાય છે: નિષ્ણાતો

નવી દિલ્હી, તા.૨૯

દુનિયાભરમાં પ્રતિ વર્ષે ૨૯ ઓક્ટોબરે ‘વર્લ્ડ સ્ટ્રોક ડે’ મનાવવામાં આવે છે. નિષ્ણાતોના કહેવા પ્રમાણે શ્રમિકો-કારીગરો, હેયરડ્રેસર કે ફેક્ટરીના કર્મચારીઓ જેવા લોકોને પોતાના વ્યવસાયોમાં લાંબા સમય સુધી ઊભા રહેવું પડે છે, આ પ્રકારના વ્યવસાયમાં કાર્યરત લોકોમાં સ્ટ્રોક(પક્ષઘાત)ની શક્યતા વધારે રહે છે. વર્લ્ડ સ્ટ્રોક દિવસ પ્રતિ વર્ષે ૨૯ ઓક્ટોબરે ઉજવવામાં આવે છે, જેથી આ સ્થિતિમાં સ્ટ્રોક અંગે જાગૃતિ લાવવામાં આવી શકે અને તેને ઝડપથી રોકી શકાય.દુનિયાભરમાં સ્ટ્રોકથી પીડિત લોકોની સંખ્યા ૨૦૨૧માં વધીને ૧૧.૯ મિલિયન થઈ ગઈ છે. આ સંખ્યા ૧૯૯૦ની સરખામણીમાં ૭૦ ટકા વધારે છે. સ્ટ્રોકથી સંબંધિત મોતનો આંકડો પ્રતિ વર્ષે ૭.૩ મિલિયન થઈ ગયો છે, જેમાં ૧૯૯૦ની તુલનામાં ૪૪ ટકા વૃદ્ધિ થઈ છે.

નિષ્ણાતોના કહેવા પ્રમાણે હવે વિશ્વભરમાં ઈસ્કેમિક હૃદયરોગ અને કોવિડ-૧૯ પછી સ્ટ્રોક મોતના કારણોમાં તૃતીય પ્રમુખ કારણ છે.મુંબઈની જસલોક હોસ્પિટલના જાણીતા ન્યુરોસર્જન ડો.રાઘવેન્દ્ર રામદાસીએ જણાવ્યું કે, લાંબા સમય સુધી ઊભા રહેવાથી પગમાં લોહી જમા થઈ જવાનો ખતરો વધી જાય છે, જેના કારણે લોહીના પ્રવાહની પ્રક્રિયા ધીમી થઈ જાય છે, જેના કારણે લોહી ગંઠાઈ જાય છે, જેથી સ્ટ્રોક આવવાનો ખતરો વધી જાય છે. ખાસ કરીને મગજમાં થાક હોય, તેવા સંજોગમાં સ્ટ્રોકનું જોખમ વધી જાય છે. ડો.રામદાસીએ વધુમાં કહ્યું કે, સમયની સાથે લોહીના ભ્રમણની ગતિ ધીમી પડે તો હાઈ બ્લડપ્રેશરની સમસ્યા સર્જી શકે છે, જે સ્ટ્રોકનું મુખ્ય કારણ બની શકે છે. ઓસ્ટ્રેલિયામાં ૮૩૦૦૦ લોકોને સામેલ કરીને કરાયેલા સ્ટડી રિપોર્ટમાં જાણવા મળ્યું કે, લાંબા સમયથી બેસી રહેવાથી કે ઊભા રહેવાથી ચક્કર આવવા કે માથામાં દુખાવો ઉપડવા જેવી સમસ્યાનું જોખમ વધારે રહે છે. આ સ્ટડીના રિપોર્ટના નિષ્કર્ષ સ્વરુપે નિયમિત ચાલવા અને ફરવાની સલાહ આપવામાં આવી છે. આ સ્ટડી રિપોર્ટમાં ઉલ્લેખ કરાયો છે કે, લાંબા સમય સુધી ઊભા રહેવાથી પગમાં લોહી જમા થઈ શકે છે, જેના કારણે લોહીભ્રમણ ધીમી થઈ જાય છે, અને લોહી ગંઠાવવાની શકયતા વધી જાય છે.નારાયણ જૂથના એચઓડી અને ડાયરેક્ટર તથા ઈન્ટરવેન્શનલ ન્યુરોલોજીના ક્લિનિકલ હેડ ડો. વિક્રમ હુડ્ડેએ જણાવ્યું કે, જો હૃદયમાં છેદ હોય, તો જામેલા લોહીના કણો મસ્તિષ્કમાં જવાથી ઈસ્કેમિક સ્ટ્રોક આવી શકે છે, જ્યાં એ લોહીના પ્રવાહને રોકી નાખે છે. નિષ્ણાતોના કહેવા પ્રમાણે જે લોકોને પહેલાથી હૃદયરોગ, હાઈ બ્લડ પ્રેશર કે સ્ટ્રોક આવવાની વારસાગત બીમારી છે, તેમણે સાવચેત રહેવું જોઈએ અને વચ્ચે-વચ્ચે ફરતા રહેવું જોઈએ.

# કૂર્મી સેના દ્વારા સ્વ.કેશુભાઈ પટેલને ભવ્યાતિભવ્ય સ્મરણાંજલિ આપાઇ

## કોંગ્રેસ - ભાજપ -આપ- બસપા- બીએમપી નાં નેતાઓએ સાથે મળીને સ્વ. કેશુબાપા ને ભાવાંજલિ અર્પણ કરી

રાજકોટ,તા.૨૯

આંતરરાષ્ટ્રીય કૂર્મી સેના દ્વારા ગુજરાત રાજયના પૂર્વ મુખ્યમંત્રી સ્વ.પદ્મભૂષણ કેશુભાઈ પટેલ ની ચતુર્થ પુણ્યતિથી નિમિત્તે ભવ્યાતિભવ્ય સ્મરણાંજલિ સભા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પાટીદાર ઉપરાંત સર્વે સમાજ નાં આગેવાનો અને કાર્યકરો એ મોટી સંખ્યામાં હાજર રહી સ્વ. કેશુબાપા નાં લોક ઉપયોગી કાર્યો ને યાદ કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

સભા નાં પ્રારંભ માં દિપ પ્રાગટય બાદ મા ઉમા -ખોડલ ની આરતી કરવામાં આવી હતી જેમાં સભા માં હાજર રહેલ વિશાળ જન મેદની એ પણ ભાગ લેતા વાતાવરણ દિવ્ય તેજ થી ઝળહળી ઉઠ્યું હતું. સભાનાં પ્રારંભે ચિરાગ કાકડીયા દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું ત્યારબાદ કૂર્મી સેના નાં આગામી કાર્યક્રમો અને સ્વ. કેશુબાપા નાં સ્મરણાંજલિ કાર્યક્રમ પાછળની ભૂમિકા જાણીતા પત્રકાર - તંત્રી જિજ્ઞેશભાઈ કાલાવડિયા દ્વારા આપવામાં આવી હતી. કૂર્મી સેના દર વર્ષે કેશુબાપા ની પુણ્યતિથી પર શ્રદ્ધાંજલિ કાર્યક્રમ નું આયોજન કરશે તેવી આ તકે તેમણે જાહેરાત કરી હતી. આ તકે સ્વ. કેશુભાઈ પટેલ નાં જીવન સંઘર્ષ ની યાદ અપાવતી ડોક્યુમેન્ટરી ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી. કાર્યક્રમ માં પધારેલ સમાજ અગ્રણીઓ સમક્ષ જાણીતા લોકસાહિત્યકાર મનસુખભાઈ વસોયા અને દાદુભાઈ ગઢવી દ્વારા કાર્યક્રમ ને અનુરૂપ કેશુબાપા નાં જીવન વિશે તેમની આગવી શૈલી માં વાત મૂકવામાં આવી હતી. સ્મરણાંજલિ સભા માં ઉપસ્થિત રહેલ ખોડલધામ નાં આગેવાન હસમુખભાઈ લુણાગરિયા, દિનેશભાઈ બાંભણિયા, વિશ્વ ઉમિયા ધામ નાં ઉપ પ્રમુખ ડી.એન.ગોલ, રાજકોટના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, સરદાર ધામ નાં આગેવાન જેન્તીભાઈ સરધારા, ગુજરાત રાજ્ય પછાત વિકાસ નિગમ નાં પૂર્વ ચેરમેન નરેન્દ્રભાઈ સોલંકી, પૂર્વ ધારાસભ્ય સિદ્ધાર્થ પરમાર, પાટીદાર સમાજ અમદાવાદ નાં પ્રમુખ પૂર્વ ધારાસભ્ય જીતુભાઈ પટેલ, કેશુબાપા નાં નિકટના સ્નેહી અમોલભાઈ પટેલ, કેશુબાપા નાં પરિવાર તરફથી અશ્વિનભાઈ પટેલ, રાજકોટ શહેર કોંગ્રેસ નાં કાર્યકારી પ્રમુખ સંજયભાઈ અજુડીયા, આમ આદમી પાર્ટી નાં આગેવાન અને ખોડલ ધામ નાં ટ્રસ્ટી શિવલાલ બારસિયા, પૂર્વ રાજ્ય મંત્રી ગોવિંદભાઈ પટેલ, પૂર્વ કેન્દ્રીય કેબિનેટ મંત્રી ડૉ. વલ્લભભાઈ કથીરીયા વગેરે દ્વારા તેમના કેશુબાપા સાથેના સંસ્મરણો વાગોળવામાં આવ્યા હતા. કાર્યક્રમ માં સભા સ્થળ પર કેશુબાપા, સરદાર પટેલ અને શિવાજી નાં વિશાળ કટ આઉટ અને સેલ્ફી પોઈન્ટ ગોઠવવામાં આવ્યા હતા. તમામ વક્તાઓ દ્વારા સ્વ. કેશુભાઈ પટેલ નાં બેદાગ રાજકીય જીવન અને તેમની ખેતી, ખેડૂત અને ગરીબ, દલિત, શોષિત જનતા પ્રત્યેની કટિબદ્ધતા ને યાદ કરવા માં આવી હતી. આજનાં રાજકીય પરિપેક્ષ્યમાં હવે કેશુબાપા જેવા નેતાઓ રહ્યા નથી આ બાબતે પણ વસવસો વ્યક્ત કરવામાં આવ્યો હતો. સ્મરણાંજલિ સભા માં કેશબાપા નાં જીવન સંઘર્ષ અને તેમની રાજકીય કેરિયર પર આધારિત જાણીતા પત્રકાર - લેખક દિલીપ પટેલ નાં પુસ્તક "ધરતીપુત્ર કેશુભાઈ પટેલ"નું ઉપસ્થિત મહાનુભાવો નાં હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ બાબતે પુસ્તકના પ્રકાશક ચિરાગ પટેલ દ્વારા પુસ્તક ની પ્રાસંગિકતા અને ભાવી આયોજનો બાબતે તેમના વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. આભારવિધિ જિગીષા પટેલ અને અશોકભાઈ દલસાણીયા દ્વારા કરવામાં આવી હતી. સ્વ . કેશુબાપા ની શ્રદ્ધાંજલિ સભામાં સર્વે સમાજ નાં આગેવાનો અને રાજકીય સામાજિક ક્ષેત્રના આગેવાનો ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં જેમાં એસપીજી અધ્યક્ષ કલ્પેશ રાંક, યુવી ક્લબ નાં ડાયરેક્ટર મુન્નાભાઈ ઘેટીયા, પૂર્વ ધારાસભ્ય અને પટેલ સમાજનાં આગેવાન ટપુભાઈ લિંબસિયા, જાણીતા રાજકીય અને સામાજિક અગ્રણી કિશોરભાઈ અદિપરા, વિઠલભાઈ ધડુક, ગોપાલભાઈ ભૂવા, રાજાભાઈ પટેલ, પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી મનોજભાઈ પનારા, ગાયત્રીબા વાઘેલા, અશોકસિંહ વાઘેલા, જસવંતસિંહ ભટ્ટી, કોંગ્રેસ પ્રમુખ અતુલભાઈ રાજાણી, વિપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયા, મુસ્લિમ એકતા મંચ નાં ઈમ્તિયાઝ પઠાણ, સામાજિક અગ્રણી જે.પી.જાડેજા, ગિરગંગા પરિવારના દિલીપભાઈ સખિયા, પ્રતાપભાઈ પટેલ, સોનલબેન ડાંગરિયા, કિસાન નેતા રમેશચંદ્ર પટેલ, જગદીશ ઠાકોર, ગીરીશભાઈ પરમાર, કિરીટભાઈ પટેલ, પંકજભાઈ રાણસરિયા, બસપા નાં આગેવાન ચમનભાઈ સવસાણી, બસપા ઉપાધ્યક્ષ મકવાણાભાઈ, બહુજન મુક્તિ પાર્ટી નાં પ્રકાશભાઈ સિંધવ, જગદીશભાઈ, અજીતભાઈ પરમાર, ગુજરાત નવનિર્માણ સેનાના અતુલભાઈ દવે, વિચારક વાસુદેવભાઈ પટેલ, વિનુભાઈ ધવા,કિસાન અગ્રણી ભીખાભાઈ લીંબાણી, આપ નેતા તેજસ ગાજીપરા, યુવા અગ્રણી ભાવેશભાઈ લોખીલ, ભરતભાઈ વાઘડીયા, મુસ્તાક દિવાન, ધવલ પટેલ, સહિતનાં દરેક ક્ષેત્ર નાં નામી અનામી અગ્રણીઓ હાજર રહ્યા હતા. સ્વ.કેશુભાઈ પટેલ પરિવાર માંથી તેમના સુપુત્ર મહેશભાઈ પટેલ, ભત્રીજા અશ્વિનભાઈ પટેલ, પૌત્ર ઉદયભાઈ પટેલ, શેતલભાઈ, રાજુભાઈ સહિતનાં ઉપસ્થિત રહ્યા હતા. આ તકે મંચ પરથી કૂર્મી સેના નાં સંસ્થાપક જિજ્ઞેશ કાલાવડિયા દ્વારા કેશુબાપા ના પરિવારની લાગણીને ધ્યાનમાં રાખીને હિરાસર ઈન્ટરનેશનલ એરપોર્ટ નું નામ "સ્વ.કેશુભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ" કરવાનો ઠરાવ મૂકવામાં આવ્યો હતો જેને ઉપસ્થિત જનમેદની એ હાથ ઊંચા કરીને અનુમોદન આપ્યું હતું. આંતરરાષ્ટ્રીય કૂર્મી સેના નો ગુજરાતમાં આ પ્રથમ ભવ્ય કાર્યક્રમ હતો જેનાં સફળ આયોજન માટે કૂર્મી સેના ની ટીમ દ્વારા રાત દિવસ જહેમત ઉઠાવવામાં આવી હતી જેમાં ચિરાગભાઈ કાકડીયા, વિજયભાઈ શિયાણી, સંજયભાઈ ખીરસરિયા, નરેન્દ્રભાઈ ગુંદરણીયા, કેતનભાઈ તાળા, હરેશભાઈ બુસા,લીનેશભાઈ સગપરિયા, દર્શિત પટેલ, ધવલ વડાલિયા, જગદીશ શિંગાળા, વૈભવ રાદડીયા, નિલેશ વાછાણી, અંકિત ઘાડિયા, દિલીપ ઝાલાવડિયા, ચંદ્રેશ સવસાણી, ભાવેશ માખેસણા સહિતનાં મિત્રો એ જહેમત ઊઠાવી હતી.

કાર્યક્રમ નાં સમાપન બાદ સભા સ્થળ સોરઠીયા ફાર્મ, બાપા સીતારામ ચોક, મવડી ખાતે આંતરરાષ્ટ્રીય કૂર્મી સેના નાં સમર્પિત કાર્યકરો અને કારોબારી સભ્યોની મીટીંગ મળી હતી જેમાં બહુમતી થી જિજ્ઞેશભાઈ કાલાવડિયા ની રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી હતી અને તેમને સંગઠન ની સંરચના માટે આગળનાં દિવસોમાં કાર્યવાહી કરવાની સત્તા આપતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. આગામી સમયમાં આંતરાષ્ટ્રીય કૂર્મી સેના દ્વારા દરેક રાજ્ય માં પ્રદેશ, જિલ્લા, તાલુકા અને ગ્રામ સમિતિ અને હોદ્દેદારો ની વરણી કરવામાં આવશે તેવી બેઠકના અંતે નિર્વાચિત અધ્યક્ષ જિજ્ઞેશ કાલાવડિયા દ્વારા જાહેરાત કરવામાં આવી હતી.

### છોકરી હૈદરાબાદમાં લિવર ટ્રાન્સપ્લાન્ટ એનેસ્થેસિયા નિષ્ણાત છે

# AIIMSના ડોક્ટરે ૫૦ કરોડના દહેજની માગણી કરી, સોશિયલ મીડિયા પર દાવાએ હંગામો મચાવ્યો

## આ પૈસા એકત્ર કરવા માટે, છોકરીનો પરિવાર તેમની આખી કમાણી જોખમમાં મૂકવા સંમત થયો

નવી દિલ્હી,તા.૨૯

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટ ખૂબ વાયરલ થઈ રહી છે. આ પોસ્ટમાં ડોક્ટર ફિનિક્સ નામનું ટ્વિટર હેન્ડલ ધરાવતી મહિલા યુઝરે દાવો કર્યો છે કે, AIIMSના ટોપ રેક્કિંગ યુરોલોજિસ્ટ દ્વારા તેની મિત્ર પાસેથી દહેજમાં ૫૦ કરોડ રૂપિયાની માગણી કરવામાં આવી હતી. પોસ્ટ અનુસાર, તેણે જે છોકરી સાથે લગ્નની વાત કરી હતી તે હૈદરાબાદમાં લિવર ટ્રાન્સપ્લાન્ટ એનેસ્થેસિયા નિષ્ણાત છે. લખવામાં આવ્યું છે કે, ડોક્ટર છોકરાની આ માંગથી છોકરી ભાંગી પડી હતી. આટલી મોટી રકમ એકઠી કરવા માટે તેના પરિવારે તમામ પ્રકારની વ્યવસ્થા કરી હતી. છોકરો અને છોકરી બંને તેલુગુ પરિવારના છે. છોકરીના પરિવારની દલીલ છે કે, તેલુગુ સમુદાયમાં દહેજ ફરજિયાત છે. પોસ્ટ કરનાર મહિલાએ લખ્યું છે કે, જ્યારે દહેજ જ લેવું પડે ત્યારે આટલું ભણતર, યોગ્યતા અને રેક્નો શું ઉપયોગ.

આ પૈસા એકત્ર કરવા માટે, છોકરીનો પરિવાર તેમની આખી કમાણી જોખમમાં મૂકવા સંમત થયો. રસપ્રદ વાત એ છે કે, યુવતી પોતે પણ ડોક્ટર છે. સોશિયલ મીડિયા પર આને લઈને ઘણી કોમેન્ટ થઈ રહી છે. લોકો ડોક્ટરની બુદ્ધિ પર પ્રશ્ન ઉઠાવી રહ્યા છે. કેટલાક લોકોએ એવું પણ પૂછ્યું કે, આટલા પૈસા લીધા પછી ડૉક્ટર શું કરશે?X પર આ પોસ્ટ ૨૮ ઓક્ટોબરના રોજ સવારે ૧૧.૪૫ વાગ્યે કરવામાં આવી હતી. આ પોસ્ટને ૧૦ લાખથી વધુ લોકોએ જોઈ છે. ૫૦ કરોડની દહેજની માંગને પહોંચી વળવા છોકરીના માતા-પિતાએ તેમની નિવૃત્તિના પૈસા દાવ પર લગાવવાનો નિર્ણય કર્યો હતો. તેમની દલીલ છે કે, જો લગ્ન તેલુગુ સમુદાયમાં થઈ રહ્યા હોય તો દહેજ આપવું પડે છે. જ્યારે આ નિર્ણય માત્ર તેમના ભવિષ્યને તો અસુરક્ષિત બનાવશે જ, પરંતુ તેની નાની પુત્રી માટે પણ મુશ્કેલ બનશે. આ પોસ્ટ પર ઘણી કોમેન્ટ્સ આવી છે. જેમાં લોકોએ શિક્ષિત લોકો દ્વારા દહેજ પ્રથાને પ્રોત્સાહન આપવાની ટીકા કરી છે.

પોસ્ટ પર કોમેન્ટ કરનારા લોકોએ દહેજ માંગનાર ડોક્ટરની આકરી ટીકા કરી છે. લોકો તેને લોભી પણ કહી રહ્યા છે. તે જ સમયે, કેટલાક લોકોએ કહ્યું છે કે, છોકરી અને તેના માતાપિતાએ આ મામલે સ્ટેન્ડ લેવાની જરૂર છે. તેમની દલીલ એવી છે કે, યુવતી પોતે ભણેલી છે અને નોકરી કરે છે. તે પોતાનું જીવન ખૂબ સારી રીતે જીવી શકે છે અને પોતાની ઓળખ બનાવી શકે છે. એક યુઝરે લખ્યું છે કે, ‘‘આ ખૂબ જ શરમજનક છે. મને સમજાતું નથી કે લોકો આટલી નિર્લજ્જતાથી પૈસા કેવી રીતે માંગે છે.‘‘

### દિવાળી વેકેશનમાં પ્રવાસીઓની ભારે ભીડ જામી

# ગિરનાર રોપ-વેના મેન્ટેનન્સના ખર્ચની આડમાં ટિકિટ ભાડામાં ૧૦નો વધારો

## હાલ રોપવેની દરેક ટ્રોલીની કેબિનમાં ૮ વ્યકિતની ક્ષમતા ધરાવતી કુલ ૨૫ ટ્રોલી કેબિન આ રોપ-વેમાં કાર્યરત છે

જૂનાગઢ,તા.૨૯

ઐતિહાસિક નગરી ગણાતી જૂનાગઢની ભવનાથ તળેટી ખાતે કાર્યકરત એશિયાના સૌથી મોટા ગિરનાર રોપ વેના ચાર્જમાં કેટલીક ટિકિટોમાં ૧૦ ટકાનો ભાવ વધારો થયાનું રોપ-વે સૂત્ર દ્વારા જણાવાયું હતું.

હાલ દિવાળી વેકેશન હોઈ પ્રવાસીઓની સંખ્યામાં ઉતરોતર વધારો જોવા મળી રહ્યો છે ત્યારે રોપવે દ્વારા પ્રવાસીઓની સગવડતા વધારવા રોપવે દ્વારા ૧૦ ટકા જેટલો ચાર્જમાં વધારો કરાયો છે, જેમાં લોકલ પ્રવાસીઓ અને બાળકો માટેની ટિકિટમાં કોઈ વધારો થયો નથી.હાલ રોપવેની દરેક ટ્રોલીની કેબિનમાં ૮ વ્યકિતની ક્ષમતા ધરાવતી કુલ ૨૫ ટ્રોલી કેબિન આ રોપ-વેમાં કાર્યરત છે,જેના દ્વારા દર કલાકે બંને તરફ ૮૦૦ જેટલા યાત્રિકો અવર-જવર કરી રહ્યા છે, રોપ-વેનો કોચ પ્રતિ સેક્ધડ ૬ મીટરની ઝડપથી પસાર થાય છે. અંબાજી ખાતે બનાવવામાં આવેલો રોપવે પ્રતિ સેક્ધડ ૨.૭૫ મીટરની ઝડપથી ચાલે છે. તેમજ રોપ-વેની ટ્રોલી ૮ મિનિટમાં એક ટ્રિપ પૂર્ણ કરે છે, ભવનાથ તળેટીથી ગિરનાર પર્વત પર અંબાજી માતાનું મંદિર ૨.૩ કિ.મી. દૂર છે. આ અંતર રોપવે માત્ર ૮ મિનિટમાં કાપે છે.

આમ, પહેલા પ્રવાસીઓ ૧૦ હજાર જેટલા પગથિયાં ચડી ઉતરી અંબાજી મંદિરના દર્શન કરી શકતા જ્યારે હવે રોપવેની સુવિધા થવાથી પ્રવાસીઓ ૧ કલાક જેટલા સમયમાં અંબાજીના દર્શન કરી પરત ફરતા થયા છે,, રોપવે દ્વારા પ્રવાસીઓ માટે નાસ્તા તેમજ ભોજન ચા, ઠંડા પીણાં ની તેમજ પ્રવાસીઓ માટે સિક્યુરિટી સ્ટાફ સહિતની સેવાઓ કાર્યરત છે.

### ૮ હજાર વધારાની ટ્રીપનું સંચાલન કરાશે

# દિવાળીના તહેવારો દરમિયાન એસ.ટી વિભાગ દ્વારા વધુ ૨૨૦૦ બસો દોડાવી

## એસ.ટી નિગમના ડ્રાઇવર-કંડક્ટર પોતાના પરિવાર સાથે તહેવારો ઉજવવાની ઇચ્છાનો ત્યાગ કરીને આપણી સેવામાં ફરજરત છે

અમદાવાદ,તા.૨૯

દિવાળીના તહેવારોમાં સૌ કોઈ પોતાના પરિવારજનો સાથે ઉજવણી કરતા હોય છે ત્યારે એસ.ટી નિગમના ડ્રાઈવર-કંડક્ટર પોતાના પરિવાર સાથે તહેવારો ઉજવવાની ઈચ્છાનો ત્યાગ કરીને આપણી સેવામાં ફરજરત છે. આપણે સૌ આરામદાયક સવારી સાથે આપણા સગા-સ્નેહીઓ પાસે જઈને તહેવારની મજા માણી શકીએ તે માટે ખુબ જ નિષ્ઠા સાથે ડ્રાઈવર-કંડક્ટર ઓવરટાઈમ કરીને પણ પોતાની ફરજ અદા કરી રહ્યા છે.

વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ આ તમામ ડ્રાઈવર-કંડક્ટર તેમજ આ બસો કોઈ પણ તકલીફ વિના ચાલે તે માટે સતત ચિંતા કરતા મિકેનિક સહિતના એસ.ટી નિગમના કર્મચારીઓને તેમની આ સેવા માટે અભિનંદન પાઠવ્યા છે.દિવાળીના તહેવારોમાં કોઈને મુસાફરીમાં અગવડ ન પડે તેની ખાસ કાળજી રાખીને એસ.ટી વિભાગ દ્વારા તા.૨૨મી ઓક્ટોબર થી તા.૨જી નવેમ્બર સુધી ૨૨૦૦ વધુ બસો દોડાવી વધારાની ૮ હજાર ટ્રીપનું સંચાલન કરવામાં આવી રહ્યુ છે. તેવી જ રીતે લાભ પાંચમથી અગીયારસ દરમિયાન વધારાની ટ્રીપનું સંચાલન કરવામાં આવશે.પોતાના પરિવાર સાથે દિવાળીના તહેવારો મનાવવાની ઈચ્છાનો ત્યાગ કરીને આપણા સૌને સમયસર મુકામે પહોંચાડવા એસ.ટી નિગમના ૧૧ હજાર જેટલા ડ્રાઈવર, કંડક્ટર અને મિકેનિક સહિતના કર્મચારીઓ ફરજ પર તૈનાત છે. નોંધનીય બાબત એ છે કે, આ કર્મચારીઓમાં ૧૫૦ થી વધુ મહિલા કંડક્ટરનો પણ સમાવેશ થાય છે.

તહેવારો દરમિયાન રાજયના નાગરિકોને ઘર આંગણે જ બસ સેવા ઉપલબ્ધ થાય તે માટે ‘એસ.ટી આપને દ્વારે’ પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ગ્રુપમાં વતન કે બહારગામ જવા ઈચ્છુક લોકો બસનું બુકિંગ કરી ઘર આંગણે સેવા મેળવી શકે છે. આ પ્રોજેક્ટનો તહેવારોમાં લોકો મહત્તમ લાભ લઈ રહ્યા છે. આ પ્રોજેક્ટ હેઠળ પાંચ જ દિવસમાં ૨૮૯ બસોના બુકિંગ થયું છે. જેમાં ૪ હજાર લોકોએ આ સેવાનો લાભ લઈ લીધો છે અને ૧૧ હજાર જેટલા લોકો દિવાળી અને નૂતન વર્ષના દિવસે ઘર આંગણે બસ સુવિધાનો લાભ લેશે.

### દરેક જણ તેના વતન જવા માટે દોટ લગાવી છે

# દિવાળી સમયે ખાનગી વાહનો બેફામ, લાલચ માટે જીવનનો સોદો

## દસની ક્ષમતાવાળી જગ્યામાં વધુ રૂપિયાની લાલચે ૪૦થી ૫૦ લોકોને આ રીતે લઈ જઈને રીતસરનું મોતને આમંત્રણ આપવામાં આવે છે

હિંમતનગર,તા.૨૯

દિવાળી આવતા કામધંધો કરતું દરેક જણ તેના વતન જવા માટે દોટ લગાવી છે. પણ આ દોટ ક્યાંક અંતિમ દોટ ન નીવડે તેનું ધ્યાન રાખવાની જરૂર છે. સાબરકાંઠાના હિંમતનગરમાં દસની ક્ષમતાવાળી જગ્યામાં વધુ રૂપિયાની લાલચે ૪૦થી ૫૦ લોકોને આ રીતે લઈ જઈને રીતસરનું મોતને આમંત્રણ આપવામાં આવે છે.આ રીતે ખાનગી વાહનમાં લોકો ઘેટાબકરાની જેમ ભરવામાં આવે છે તે એક રીતે મોતને આમંત્રણ છે. તેઓને કોઈ રોકનાર છે ખરું. દિવાળીના તહેવારમાં લોકો પોતાના દેશ જવા રવાના થયા છે. અહીં, ઘણા વાહનોમાં તેમની ક્ષમતા કરતા વધુ મુસાફરો બેઠેલા હોવાના ઘણા ચિત્રો અને વીડિયો સામે આવી રહ્યા છે. દરમિયાન સાબરકાંઠામાંથી પણ આવો જ એક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં લોકો પોતાનો જીવ જોખમમાં મૂકીને મુસાફરી કરી રહ્યા છે. સાથે જ આ વીડિયોને જોઈને એવું લાગે છે કે જાણે અકસ્માતને ખુલ્લું આમંત્રણ છે. અહીં મુસાફરો જીપની છત પર બેઠેલા જોવા મળે છે. સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરમાંથી એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે. હિંમતનગર-અંબાજી હાઈવે પર ખાનગી વાહનો ચડતા અને ઉતરતા હોવાનો વીડિયો વાયરલ થયો છે. અહીં લોકો જીવ જોખમમાં મુકીને ચાલતી જીપમાં મુસાફરી કરી રહ્યા છે. ૮ લોકો માટે એક સીટ પર ૫૦-૬૦ મુસાફરોનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. બીજી તરફ વધુ પૈસા કમાવવાના લોભમાં વાહનચાલકો દ્વારા લેવાયેલું જોખમી પગલું મોટી મુશ્કેલીને આમંત્રણ આપી રહ્યું છે. એવી સ્થિતિ સર્જાઈ છે કે કોઈ અકસ્માત થાય તો લોકોના જીવ જોખમમાં મુકાય છે.

# નામ, અટક અને જન્મ તારીખમાં સુધારો પ્રસિદ્ધ કરવા નવી બે સેવાની શરૂઆત

## નામ, અટક બદલીને તાત્કાલિક અસાધારણ ગેઝેટમાં પ્રસિદ્ધિ માટે રૂ. ૨,૫૦૦ અને સાધારણ ગેઝેટમાં રૂ. ૧,૦૦૦ની નોન રિફન્ડેબલ રજીસ્ટ્રેશન ફી આપવાની રહેશે

ગાંધીનગર,તા.૨૯

સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી ગાંધીનગરની કચેરી દ્વારા વ્યક્તિના નામ, અટક અને જન્મ તારીખમાં સુધારા અંગે સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધિ કરવા માટે વધુ બે નવી સેવાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બે સેવા રાજ્ય સરકારના સાધારણ અને અસાધારણ ગેઝેટમાં પ્રસિદ્ધિ કરવામાં આવશે, એમ સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી નિયામક ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

વધુમાં જણાવ્યા અનુસાર નામ, અટક બદલીને તાત્કાલિક અસાધારણ ગેઝેટમાં પ્રસિદ્ધિ માટે રૂ. ૨,૫૦૦ અને સાધારણ ગેઝેટમાં રૂ. ૧,૦૦૦ની નોન રિફન્ડેબલ રજીસ્ટ્રેશન ફી આપવાની રહેશે. અસાધારણ ગેઝેટમાં પ્રસિદ્ધિ માટે આવેલી અરજીઓ ત્રણ દિવસમાં અસાધારણ ગેઝેટના પાર્ટ-૨માં પ્રસિદ્ધ કરવામાં આવશે. જ્યારે સાધારણ ગેઝેટમાં દર ગુરુવારે નિયમિત રીતે પ્રસિદ્ધ કરાતા ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. સરકારી, અર્ધ સરકારી કચેરીઓમાં વિસંગતાઓ ઉભી થતી હોવાથી ઘણાં લોકો મુશ્કેલીમાં મુકાય છે આથી આ મુશ્કેલી દુર કરવાનો સરળ રસ્તો રાજ્ય સરકારે કર્યો છે.

સરકારી ગેઝેટમાં જે નામ, અટક હોય તે સરકારી કચેરીઓમાં માન્ય રાખવામાં આવે છે. આ અંગેની વધુ માહિતી ખાતાની વેબસાઈટ https://egazªte.gujarat.gov.in ઉપરથી મેળવી શકાય છે, તેમ યાદીમાં વધુમાં જણાવાયું છે.

### પક્ષમાં સહકાર ન આપવા બદલ સસ્પેન્ડ

# ગેરશિસ્ત બદલ જામનગર કોંગ્રેસના બે કોર્પોરેટર છ વર્ષ માટે સસ્પેન્ડ

જામનગર,તા.૨૯

જામનગરમાં વોર્ડ નંબર ૧૨ના કોર્પોરેટર અસલમી ખીલજી અને ફેમિદાબેન જુણેજાને આગામી છ વર્ષ માટે કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. પક્ષના કાર્યક્રમમાં હાજરી નહીં આપવા તેમજ પક્ષમાં સહકાર ન આપવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યાં હોવાનું જાણવા મળ્યું છે. વિરોધ પક્ષ કાર્યાલયમાંથી શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા અને વિરોધ પક્ષના નેતા ધવલ નંદા સહિતના કોર્પોરેટરોની ઉપસ્થિતિમાં પત્રકાર પરિષદમાં જાહેર કરવામાં આવ્યું હતું કે, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલની સુચનાનુસાર કોંગ્રેસમાં રહી અશિસ્ત ભર્યું વર્તન કરી કોંગ્રેસને નુકસાન કર્યું હોવાથી બંનેને કોંગ્રેસ પક્ષમાંથી છ (૬) વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે.

વોર્ડ નંબર ૧૨ ના કોર્પોરેટર અસલમ ખીલજી અને ફેમિદાબેન જુણેજાને વારંવાર પક્ષના કાર્યક્રમમાં હાજરી નહીં આપવા અને કોંગ્રેસ કાર્યાલયમાં અનેક વખત બોલાવવા છતાં કે કાર્યક્રમમાં હાજરી નહીં આપવા બદલ અને આ બાબતે પક્ષનું અપમાન કર્યા હોવાનું શહેર કોંગ્રેસ પ્રમુખ દ્વારા જણાવવામાં આવ્યું હતું. જામનગર મહાનગર પાલિકાના કોંગ્રેસના વોર્ડ નંબર ૧૨ના બે કોર્પોરેટરોને ૬ વર્ષ માટે સસ્પેન્ડ કર્યા છે. જેમાં અસલમ ખિલજી અને ફેમીદાબેન રિઝવાન જુણેજાને સસ્પેન્ડ કરવામાં આવે છે. કોંગ્રેસ પક્ષમાં સહકાર ન આપવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પક્ષની એક પણ મિટીંગમાં બને નગરસેવક ઘણા સમયથી હાજર રહેતા ન હતા. શહેર કોંગ્રેસ પ્રમુખની પ્રદેશમાં રજૂઆત કર્યા બાદ આજરોજ કોંગ્રેસ પ્રદેશ મોવડી મંડળ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. વોર્ડ નંબર ૧૨ ના કોંગ્રેસના બંને કોર્પોરેટરને છ વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

## મનફાવે તેવા, મનફાવે ત્યાં, મનફાવે તે સ્થળે ફટાકડા ફોડવામાં આવે છે

# અમરેલીમાં ફટાકડાનાં જાહેરનામાનો ખુલ્લેઆમ ભંગ

### રહેણાંક વિસ્તારો, જાહેર માર્ગો, આરોગ્ય કેન્દ્ર તેમજ પેટ્રોલપંપ નજીક પણ ફટાકડા ફોડવામાં આવે છે

### શહેરમાં માત્ર રાત્રિનાં ૮થી ૧૦ને બદલે ગમે તે સમયે અને મોડી રાત્રિએ પણ ફટાકડાબાજી

### જાહેરનામુ માત્ર ઔપચારિકતા હોય તેવું સ્પષ્ટ રીતે જોવા મળી રહ્યું હોય તંત્ર આળશ ખંખેરે

### દિવાળીનાં દિવસે મનફાવે તે સ્થળે રાત્રિનાં ર વાગ્યા સુધી ફટાકડાબાજી થતી જોવા મળે છે

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લામાં આગામી એક મહિના સુધી રાત્રિનાં ૮ થી ૧૦ કલાક સુધી જ ફટાકડા ફોડવા સહિતનાં નિયમો સાથેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

પરંતુ અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા વર્ષોથી ખુલ્લેઆમ જાહેરનામાનો ભંગ થઈ રહ્યો છે અને આજે, આવતીકાલ અને પરમ દિવસે પણ જાહેરનામાનો ભંગ થશે અને છેલ્લા ૩ દિવસથી જાહેરનામાનો ખુલ્લેઆમ ભંગ થતો જોવા મળે છે.

અમરેલીમાં એક તરફ શાક–બકાલાની જેમ ઠેકઠેકાણે ફટાકડાનું વેચાણ થતું જોવા મળે છે. તો રાત્રિનાં સમયે ૧૨ થી ૧ વાગ્યા સુધી ફટાકડાનાં અવાજ આવી રહ્યા છે. તો દિવસે અને સાંજે પણ ફટાકડાનો અવાજ બહેરા કાને સંભળાઈ રહ્યો છે.

અમરેલીમાં ખુલ્લેઆમ જાહેરનામાનો ભંગ થાય છે છતાં પણ વહીવટી તંત્ર સુધી ફટાકડાનો અવાજ પહોંચી શકતો નથી. મોડી રાત કે જાહેર સ્થળો કે માર્ગો પર ખુલ્લેઆમ ફટાકડાબાજી થતાં પશુ, પક્ષીઓ અને શહેરીજનો પણ તોબા પોકારી ચુકયા છે. બીમાર વ્યકિતઓ, વિદ્યાર્થીઓ, વૃધ્ધો અને નાના બાળકોની શાંતિ હણાઈ રહી હોય પોલીસ વિભાગ કોઈપણ જાતની શેહશરમ રાખ્યા વગર સીસીટીવી કેમેરા અને પેટ્રોલીંગ ફોર્સ વધારીને નિયમોનો અનાદર કરનાર વિરૂધ્ધ નિયમ મુજબ કાર્યવાહી કરે તેવી માંગ ઉભી થઈ રહી છે.

---

### શાક–બકાલાની જેમ વેચાતા ફટાકડાનું વેચાણ તપાસવું જરૂરી હતું

## અમરેલીમાં આઈસ્ક્રીમ અને ફટાકડાનાં વેપારીને ત્યાં જીએસટીનાં દરોડા

### જીએસટી વિભાગ ભ્રષ્ટાચાર બંધ કરે તો સરકારની તિજોરીને લાખો રૂપિયાની આવક થાય તેમ છે

અમરેલી, તા. ૨૯

અમરેલી ખાતે ગઈકાલે ભાવનગર અને અમરેલીની જી.એસ.ટી.ની ટીમ દ્વારા સંયુકત ઓપરેશનહાથધરીઅમરેલીમાંઆવેલ આઈસ્ક્રીમના વેપારી તથા ફટાકડાના વેપારને ત્યાં જી.એસ.ટી.ની ટીમ દ્વારા દરોડાઓ પાડયાનું જાણવા મળેલ છે.

આ બનાવમાં સૂત્રોમાંથી જાણવામળતીવિગતમુજબઅમરેલીના લાઠી રોડ ઉપર આવેલ એક કોઠી આઈસ્ક્રીમના વેપારીને ત્યાં ગઈકાલે ભાવનગર અને અમરેલીની જી.એસ.ટી.ની ટીમ દ્વારા સંયુકત ઓપરેશન હાથ ધરવામાં આવેલ હતું. ત્યાં પ્રાથમિક તપાસણીમાં જી.એસ.ટી.ની ચોરી થતી હોવાનું પણ બહાર આવેલ છે. પરંતુ સત્તાવાર કોઈ જી.એસ.ટી. દ્વારા જાહેર કરવામાં આવેલ નથી.

આ ઉપરાંત અમરેલીમાં ઠેર ઠેર ફટાકડાના મોટા મોટા સ્ટોલ ખડકી દેવામાંઆવ્યાછે. તેવા કેટલાંક ફટાકડાના વેપારીઓ પણ ભાવનગર અને અમરેલીની જી.એસ.ટી.ની ટીમના ધ્યાને આવતાં કેટલાંક ફટાકડાના વેપારીઓને ત્યાં પણ જી.એસ.ટી.ની ટીમ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

આમ અમરેલીમાં દિવાળીના તહેવારોની પુર્વે જ અમરેલીમાં જી.એસ.ટી.ની ટીમ દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીથી વેપારી આલમમાં વ્યાપક ફફડાટ ફેલાયો છે.

---

## દામનગરમાં જાહેર શૌચાલય નર્કાગારની સ્થિતિમાં જોવા મળે



દામનગર, તા. ૨૯

દામનગર શહેરના લોકો શાંત અને સહનશીલ છે.! સત્તામાં કોઈપણ પક્ષના લોકો હોય, જનતાને કોઈ ફરક પડતો નથી એવું કહેવાય તો નહિ, પરંતુ જયારે સુખાકારીની બાબત આવે ત્યારે ચિંતા થાય તે સ્વાભાવિક છે..!! દામનગરમાં ૨૦૦૬ની સાલથી નગરપાલિકા છે અને સમયાંતરે લોકોની સુવિધા માટે વિકાસના કામો થતાં રહે છે. દામનગરમાં પોસ્ટ ઓફિસ, પ્રાથમિક શાળાઓ, કોમર્શિયલ કોમ્પલેક્ષો, શાકભાજીના વેપારીઓ, હવેલી અને હીરા ઉદ્યોગના કારખાનાઓ અને રહેણાંકી વિસ્તારમાં આવેલ ગામની મધ્યમાં આવેલ જાહેર મુતરડી યોગ્ય સાફ–સફાઈના અભાવે માથું ફાડી નાખે એવી દુર્ગંધ આવતી હોય, આરોગ્ય ઉપર ગંભીર ખતરો તોળાઈ શકે..!! તંત્ર વિકાસના કામોમાં વ્યસ્ત છે એટલે ધ્યાન રાખવું જનતાનું કામ છે.

---

### બહેનનાં પ્રેમસંબધ બાબતે ભાઈ નારાજ બન્યા

## સાવરકુંડલાનાં જેજાદ ગામે પ્રેમ પ્રકરણને લઈને યુવક ઉપર ર ઈસમોએ કર્યો હુમલો

અમરેલી, તા. ૨૯

સાવરકુંડલા તાલુકાના જેજાદ ગામે રહેતા રાહુલભાઈ મસાભાઈ શીરોળીયાની બહેન પારસબેન સાથે તેજ ગામે રહેતા અજયભાઈ રમેશમાઈ મકવાણા નામનાં ૨૬ વર્ષિય યુવક બોલતા હોય અને તેઓ બંને વચ્ચે પ્રેમ સબંધ હોય. જેની પોતાના ગામ જેજાદ ગામમાં વાતો થતી હોય તેવું આરોપી દિનેશભાઈ સુખાભાઈ શીરોળીયા તથા રાહુલભાઈ મસાભાઈ શીરોળીયાને લાગતા બંને આરોપીએ યુવકને પારસબેન સાથે આડા સબંધ હોય તેવો શકવહેમ રાખી ફોન કરી યુવકને પોતાની વાડીની ઝાપલીએ બોલાવી બંને આરોપીએ યુવકને ગાળો આપતા યુવકે ગાળો આપવાની ના પાડતા જે બંને આરોપીને સારૂ નહી લાગતા આરોપીએ પથ્થરનો એક ઘા યુવકને માથાના ભાગે પકડીને મારી, માથાના ભાગે લોખંડના પાઈપનો એક ઘા મારી માથાના ભાગે મારી માથાના ભાગે હેમરેજની તથા બે ફેકચર જેવી ગંભીર ઈજાઓ કર્યાની યુવકે ફરિયાદ નોંધાવી છે.

---

### દિપોત્સવીનાં પવિત્ર તહેવારમાં

## સાવરકુંડલામાં જનઆરોગ્યની સુરક્ષા અર્થે પાલિકા દ્વારા ખાદ્ય સામગ્રીનું ચેકીંગ શરૂ કરાયું

### ધારાસભ્ય કસવાલાની સુચનાથી કામગીરી શરૂ

સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલા નગરપાલિકા દ્વારા શહેરની સ્વચ્છતા જાળવવા અને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા સુધારવા માટે ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના માર્ગદર્શન હેઠળ નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, કારોબારી ચેરમેન અશોકભાઈ ચૌહાણ, ચીફ ઓફિસર બોરડની સૂચનાથી તેમજ સેનિટેશન વિભાગના ચેરમેન મેઘાબેન હેમાંગભાઈ ગઢીયાના માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા નગરપાલિકા દ્વારા સ્વચ્છતા અને ખાદ્ય સુરક્ષાનું ચેકિંગ કરવામાં આવ્યું હતું.

આ ચેકિંગ દરમિયાન નગરપાલિકાના અધિકારીઓએ શહેરના ૨૦૦ વેપારીઓને સ્વચ્છતા જાળવવા અંગેની નોટિસો આપી હતી. આ સાથે જ ખાદ્ય વિભાગની ટીમે વિવિધ રેસ્ટોરન્ટની મુલાકાત લઈને વાસી ખાદ્ય પદાર્થોનો નાશ કર્યો હતો અને રેસ્ટોરન્ટ સંચાલકોને જરૂરી સૂચનાઓ આપી હતી. નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, 'દિવાળીના તહેવાર દરમિયાન શહેરને સ્વચ્છ અને સુરક્ષિત રાખવું એ આપણી સૌની જવાબદારી છે. આ અભિયાન દ્વારા આપણે આપણા શહેરને સ્વચ્છ અને સુરક્ષિત બનાવવાના આપણા સંકલ્પને મજબૂત કરીશું.'





નગરપાલિકા તમામ નાગરિકો અને વેપારીઓને અપીલ કરે છે કે તેઓ સ્વચ્છતા જાળવવા અને ખાદ્ય સુરક્ષાના નિયમોનું પાલન કરવામાં સહકાર આપે તેવું નગરપાલિકાની અખબાર યાદીમાં જણાવે છે.

---

### સરદાર પટેલ ૧૪૯મી જન્મજયંતી નિમિત્તે

## અમરેલીમાં આવતીકાલે લેઉવા પટેલ સમાજ દ્વારા બાઈક રેલી યોજાશે

### શ્રી લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા થયું આયોજન

અમરેલી, તા. ૨૯

લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ – દ્વારા આયોજિત લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૯મી જન્મ જયંતી નિમિત્તે તારીખ ૩૧/૧૦/૨૦૨૪ ને ગુરૂવારના રોજ સવારે ૮:૩૦ કલાકે એક વિશાળ બાઈક રેલીનું આયોજન કરેલ છે જેની શરૂઆત મોટા બસ સ્ટેશન, શીતલ આઈસ્ક્રીમ પાર્લરથી શરૂ કરી રાજકમલ ચોક થઈ નાગનાથ મંદિર થઈને સરદાર સર્કલ સુધી ડી.જે.ના તાલ સાથે જવાનું હોય. તો આ બાઈક રેલીમાં જોડાવા માટે



નિવેદન છે. સમયસર અને શિસ્ત બદ્ધ રીતે બાઈક રેલીમાં જોડાઈને અખંડિતતા અને એકતાનો સંદેશ આપવાનો છે. કોર કમિટીના સભ્યઓ, કારોબારી કમિટીના સભ્યઓ, સલાહકાર કમિટીના સભ્યઓ, વેવિશાળ કમિટીના સભ્યો, શિક્ષણ કમિટીના સભ્યો, વિસ્તાર વાઈસ કન્વીનર તથા સહ કન્વીનર તેમજ તમામ લેઉવા પટેલ સમાજના સભ્યો, પટેલ સમાજના આજીવન સભ્યો, અમરેલી શહેરના વેપારીઓ, ઉદ્યોગપતિઓ તેમજ સાથે જોડાવા માંગતા તમામ મંડળ અને દરેક જ્ઞાતિબંધુને જોડાવા અનુરોધ કરેલ.

---

## સાવરકુંડલા ખાતે યોજાયેલ સત્રાંત મિલન તથા સન્માન સમારોહ



સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલા ગત તારીખ ૨૩ને બુધવારના રોજ નુતન કેળવણી મંડળ સંચાલિત તમામ શાળા કોલેજ અને છાત્રાલયના તમામ કર્મચારીઓનું પ્રથમ સત્રના અંતિમ ચરણમાં સમૂહ મિલન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તેમજ સંજયભાઈ એમ. મહેતા (સંગીત શિક્ષક જે.વી. મોદી હાઈસ્કુલ)ને સંગીતના ક્ષેત્રમાં ઉત્તમ પ્રદાન બદલ અને ભૂતપૂર્વ વિદ્યાર્થી ચંદ્રેશભાઈ બોરીસાગરને શિક્ષણમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં માનનીય ડો. રાજેન્દ્રભાઈ ખીમાણી – વાઈસ ચાન્સેલર લોકભારતી યુનિવર્સિટી, માનનીય ગોહિલ – જિલ્લા શિક્ષણ અધિકારી, અમરેલી અને માનનીય મનોહરભાઈ ત્રિવેદી – કવિ અને શિક્ષણવીદની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. રાજેન્દ્રભાઈ ખીમાણી અને ગોહિલ સર્વોને શિક્ષણની બદલાતી ક્ષિતિજો, નવી તરાહો, અધ્યાપન નિષ્પતિઓ વિશે માહિતી આપી હતી. મનોહરભાઈ ત્રિવેદીએ પોતાની આગવી શૈલીથી બધા કર્મચારીઓમાં જોમ રેડયું હતું. કાર્યક્રમની શરૂઆતમાં નુતન કેળવણી મંડળના મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચાએ સૌને આવકાર્ય હતા. કાર્યક્રમમાં બંને એવોર્ડ વિજેતા શિક્ષકોને ૫૧૦૦નું રોકડ પુરસ્કાર ઘેલાણી ટ્રસ્ટ દ્વારા આપવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે નૂતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન કામદારે આભાર વિધિ કરી હતી અને કાર્યક્રમનું સમગ્ર સંચાલન ટ્રસ્ટી વિનુભાઈ રાવળે કર્યુ હતું. કાર્યક્રમ પૂર્ણ થયે સૌએ ભોજનનો લ્હાવો પણ લીધેલો. આ અદભુત કાર્યક્રમે સર્વે કર્મચારીઓ અને આચાર્યોમાં એક નવા ચેતનાનો સંચાર કર્યો હતો.

---

### જિલ્લા કલેકટર અજય દહિયાનાં દિશા નિર્દેશ

## અમરેલી જિલ્લામાં આધાર બેઝડ બાયોમેટ્રીક e-KYCની કામગીરી મિશન મોડમાં પૂર્ણ કરો

### સરકારી યોજનાનો લાભ મેળવતા લાભાર્થીઓએ આધારકાર્ડનું e-KYC કરાવવું ફરજિયાત

અમરેલી, તા.૨૯

વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને તેમના ખાતામાં સહાય મળી રહે તે માટે પ્રતિબદ્ધતા છે. કેન્દ્ર સરકાર દ્વારા ડાયરેકટર બેન્ક ટ્રાન્સફર -DBT અંતર્ગત આધાર બેઝડ બાયોમેટ્રીક e–KYCની કામગીરી હાલ ઝૂંબેશ સ્વરૂપમાં શરૂ છે. જેના અનુસંધાને રાજયના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અગ્ર સચિવ દ્વારા આધાર બેઝડ બાયોમેટ્રીક e–KYCની કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવા સૂચના છે.

આ કામગીરી માટે સુચારૂ આયોજન અને વ્યવસ્થાઓ હોય અને આ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થાય તેવા હેતુથી અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી.

અમરેલી જિલ્લા સેવાસદન ખાતે યોજાયેલ આ બેઠકમાં જિલ્લા કલેકટરએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયેલા જિલ્લાના અધિકારીઓને આધાર બેઝડ બાયોમેટ્રીક e–KYCની કામગીરી નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવ્યું હતું. આ કામગીરી બનતી ત્વરાએ થઈ શકે



તે માટે ગ્રામ્ય કક્ષાએ સાંજના સમયે પણ કેમ્પનું આયોજન કરવામાં આવે તે માટે વિશેષ સૂચન કર્યુ હતું.

જિલ્લાના વિવિધ જૂથોમાં સહકારી મંડળીઓમાં, શાળાઓમાં કોલેજમાં તેમજ સોશિયલ મીડિયાના માધ્યમથી આ કામગીરીનો પ્રચાર–પ્રસાર કરી અને લાભાર્થીઓના ફરજિયાત આધાર બેઝડ બાયોમેટ્રીક e–KYC કરવા સૂચના આપવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાએ આ અંગે સંબંધિત અધિકારીઓને નિયત સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવા માટે સૂચના આપી હતી. ઈ–શ્રમકાર્ડના લાભાર્થીઓને લગતી કામગીરીને પ્રાથમિકતા આપી તે નિયત સમય મર્યાદામાં સંપન્ન કરવા સૂચના આપી હતી. મહત્વનું છે કે, આગામી દિવસોમાં આ અંગે દૈનિક રિપોર્ટીંગ દ્વારા કામગીરીનો પ્રગતિ અહેવાલ ચકાસી તેની સમીક્ષા કરવામાં આવશે.

સરકારી યોજનાનો લાભ મેળવતા લાભાર્થીઓએ આધારકાર્ડનું e–KYC કરાવવું ફરજિયાત છે તેમાં ડાયરેકટર બેન્ક ટ્રાન્સફરના માધ્યમથી જે યોજનાનો લાભ મળતો હોય તેવા લાભાર્થીઓની યાદી જિલ્લા કક્ષાએ તૈયાર કરવામાં આવી છે. આ યોજનાઓના લાભાર્થીઓ સુધી સત્વરે પહોંચી અને તેમનું ઈ–કેવાયસી સંપન્ન કરવામાં આવશે.

બેઠકમાં અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દિલિપસિંહ ગોહિલ, જિલ્લા પુરવઠા અધિકારી, જિલ્લા શિક્ષણાધિકારી, વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પ્રાંત અધિકારી સર્વ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તેમજ સંબંધિત કામગીરીને લગતા અધિકારીઓ અને કર્મયોગીઓ જોડાયા હતા.

---

પાના ૧ ઉપરનું ચાલું

## રાત્રિનાં ૮ થી ૧૦ સુધી જ ફટાકડા ફોડી શકાશે

વેબસાઈટને ઓનલાઈન તમામ પ્રકારના ફટાકડાના વેચાણ પર સુપ્રીમકોર્ટ દ્વારા પ્રતિબંધ છે.

દિવાળી તથા અન્ય તહેવારો કે જેમાં ફટાકડા ફોડવામાં આવે છે. તેમાં ફટાકડા રાત્રિના ૦૮ થી ૧૦ કલાક સુધી જ ફોડી શકાશે. હાનિકારક ધ્વનિ પ્રદૂષણ રોકવા માટે માત્ર પી.ઈ.એસ.ઓ. સંસ્થા દ્વારા અધિકૃત બનાવટવાળા અને માન્ય ધ્વનિ સ્તર (ડેસિબલ લેવલ) વાળા જ ફટાકડા વેચી કે વાપરી શકાશે. હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારને સાયલન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યાં કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહીં. કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહીં કે વેચાણ કરી શકાશે નહીં.

લોકોને અગવડ ઉભી ન થાય અને કોઈ પણ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે અમરેલી જિલ્લાના તમામ વિસ્તારોના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તા, પેટ્રોલ પંપ, એલ.પી.જી. બોટલીંગ પ્લાન્ટ અને ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઈ મથકની નજીક ફટાકડા દારૂખાનું ફોડી શકાશે નહીં.

કોઈપણ પ્રકારના સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુક્કલ, આતશબાજી બલુન)નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહીં તેમજ કોઈપણ સ્થળે ઉડાડી શકાશે નહીં. નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના તા. ૯/૧૧/૨૦૨૦ હુકમ મુજબ પ્રદુષણનું પ્રમાણ વધે નહીં તે માટે સાવચેતીના પગલા લેવા તથા માત્ર ગ્રીન ક્રેકર્સ તથા ઓછા એમિશન ઉત્પન્ન કરે તેવા ફટાકડાનું ઉત્પાદન તથા વેચાણ કરવાનું રહેશે. આ હુકમ અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

આ હુકમ તા. ૨૬/૧૧/૨૦૨૪ સહિતના દિવસ સુધીના સમયગાળા માટે અમલી રહેશે. હુકમનું ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ ૨૨૩ તથા એકસપ્લોઝીવ એકટ ૧૮૮૪ની જોગવાઈ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર રહેશે.

---

## રાજુલા : શ્રી આહીર એજયુકેશન સમિતિ દ્વારા આમંત્રણ પત્રિકા વિતરણ માટે બેઠક યોજાઈ



રાજુલા, તા. ૨૯

રાજુલા, આહીર એજયુકેશન સમિતિની યાદી જણાવે છે કે તા. ૨૭/૧૦/૨૪ને રવિવારના રોજ રાજુલા આહીર સમાજ વાડી ખાતે આહીર એજયુકેશન સમિતિના દરેક ગામના પ્રતિનિધિઓની એક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું આહીર એજયુકેશન સમિતિ ધ્વારા દર વર્ષે ભાઈ બીજના વળતા દિવસે એટલે કે કારતક સુદ ત્રીજના રોજ અલગ અલગ કક્ષાએ "તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ વ્યકિત વિશેષ" સન્માન સમારંભનું આયોજન કરવામાં આવે છે આ વર્ષે ૨૦૨૪નો કાર્યક્રમ રાજુલા તાલુકાના ભેરાઈ ગામે આગામી ૪/૧૧/૨૪ના રોજ આયોજીત થવાનો છે. આ કાર્યક્રમની આમંત્રણ પત્રિકાનું ડોર ટુ ડોરનું વિતરણ કરવા માટે રાજુલા, ખાંભા તેમજ સાવરકુંડલા તાલુકાના દરેક ગામના પ્રતિનિધિઓની એક મિટિંગ બોલાવવામાં આવી હતી. આ મિટિંગમાં દરેક ગામના પ્રતિનિધિઓને આ કાર્યક્રમની આમંત્રણ પત્રિકા ડોર ટુ ડોર વહેંચવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

આ મિટિંગમાં આહીર એજયુકેશન સમિતિ – રાજુલાના દરેક સભ્યો ધ્વારા આગામી ભેરાઈ મુકામે આયોજીત થનાર કાર્યક્રમને સફળ બનાવવા ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## અમદાવાદ, સુરત, મુંબઈ કે વિદેશ સ્થાયી થયેલ અમરેલીયન ગંભીરતાથી વિચારે

# આ અબ લોટ ચલે : મહાનગરોનો મોહ છોડીને માતૃ ભૂમિમાં આવો

**મહાનગરોની હાડમારી ભરી જીંદગી અને તેમાં કાળઝાળ મોંઘવારી અને બેરોજગારીનો સામનો કરવાનું છોડી દો**

**અમરેલી જિલ્લામાં હવે, શિક્ષણ,આરોગ્ય,માર્ગો,પીવાનું પાણી,પરિવહન સહિતની સુવિધામાં વધારો થયો છે**

**વતન ફરનારની સંખ્યામાં જેમ જેમ વધારો થશે તેમ માળખાકીય સુવિધાઓ પણ વધતી જશે**

**આગામી પાંચ વર્ષમાં બ્રોડગેજ રેલ્વે, એરપોર્ટ, નેશનલ હાઈવે સહિતની સુવિધાઓ ચોક્કસ ઉભી થાય છે**



અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લામાંથી છેલ્લા ઘણા દાયકાઓથી અનેક ગરીબથી લઈને અમીર પરિવારો રોજગારી, શિક્ષણ, આરોગ્ય જેવી સુવિધાઓનાં અભાવે અમદાવાદ, સુરત, મુંબઈ જેવા મહાનગરો કે વિદેશમાં સ્થળાંતર થયા છે અને હજુ પણ સ્થળાંતર શરૂ છે.

પરંતુ અમરેલી જિલ્લામાં છેલ્લા ૧૦વર્ષમાંરોજગારી,પરિવહન, શિક્ષણ,આરોગ્યસંબધીસુવિધાઓમાં ક્રમશઃ વધારો થઈ રહ્યો છે. જિલ્લામાં આંબરડી સફારી પાર્ક શરૂ થતાં પ્રવાસીઓની સંખ્યામાં પણ જબ્બરો વધારોથયોછેઅનેઆજેધારીનાંઅનેક વિસ્તારોમાં ફાર્મ હાઉસ, રીસોર્ટ સહિતનો ધમધમાટ શરૂ થયો છે. તો સુપ્રસિધ્ધ ભુરખિયા હનુમાન મંદિરે પણ પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે.

અમરેલી જિલ્લામાં કેસર કેરી, મગફળી, કપાસ, ઘઉંનું વાવેતર અને ઉત્પાદન વધી રહ્યું છે. કેસર કેરી દેશનાંસીમાડાવટાવીનેવિદેશીઓસુધી લોકપ્રિય બની છે તો જિલ્લામાં ''પવનચક્કી'' ઉદ્યોગ પણ વેગવંતો બની ગયો છે તો ખાનગી બેન્કો, મહાકાય મોલ પણ શરૂ થઈ રહ્યા છે.

અમરેલી જિલ્લામાં અંદાજિત એકાદ લાખ જેટલા શ્રમિકો અને નોકરીયાતવર્ગ બહારનાં જિલ્લામાંથી અહી વસવાટ કરે છે તો જિલ્લામાંથીબહારગયેલપરિવારોનેકોઈ મુસીબત નહી થાય તે સાબિત થાય છે.

દેશનાં મહાનગરો કે વિદેશમાં સ્થાયી થયેલ પરિવારો કાળઝાળ મોંઘવારી, બેકાબુબેરોજગારીજેવીસમસ્યાઓનો સામનો કરતાં જોવા મળી રહ્યા છે. કારણ કે માતૃમૂમિ એ માતૃભૂમિ છે. જગતનીકોઈપણભૂમિકરતાંમાતૃભૂમિ સૌ માટે મહત્વની હોય છે. મહાનગરો કેવિદેશમાંગયેલપરિવારોમાંથી૨૦થી ૩૦ટકા પરિવારો સુખી—સંપન્ન થયા છેપરંતુબાકીનાંપરિવારોમહામુસીબતે ઘરનું ગુજરાન કે જીંદગી ચલાવી રહ્યા છે.

સુરતમાં આજે હીરાથી લઈને ટેકસટાઈલ ઉદ્યોગમાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો હોય અનેક ગરીબ અને મધ્યમવર્ગીય પરિવાર આર્થિક મુશ્કેલીમાં પણ મુકાયા છે. ત્યારે વતનની ભૂમિ દરેક પરિવારને રોજગારી અને માથે છતની વ્યવસ્થા કરવાસક્ષમહોવાથીમહાનગરોઅને વિદેશનો મોહ છોડવો જરૂરી છે.

---

### જિલ્લાનાં સહ ચુંટણી અધિકારી બનાવાયા

## અમરેલી જિલ્લાનાં ભાજપનાં વરિષ્ઠ અગ્રણી રવુભાઈ ખુમાણને વધુ જવાબદારી

**સાસંદ, નાયબ દંડક, ધારાસભ્યો દ્વારા શુભકામના**

અમરેલી, તા. ૨૯

અમરેલીપ્રદેશભાજપપર્વ ૨૪ અંતર્ગત અમરેલી જીલ્લાના સહ ચૂંટણી અધિકારી તરીકે રવુભાઈ ખુમાણની નિમણુંક કરવામાં આવતા ગુજરાત વિધાન નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, સાસંદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય



મહેશભાઈ કસવાલા, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, ધારાસભ્ય જે.વી.કાકડીયા, ધારાસભ્ય જનક તળાવીયા, જીલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કારીયા અને મહામનત્રીઓ જીલ્લા ભાજપ ટીમ દ્વારાઆવકારીઅભિનંદનઆપવામાં આવ્યા છે.

---

### શહેરીજનોમાં ક્યારે ઉજવણી કરવી તેને લઈને દ્વિધા


## બગસરામાં શુક્રવારે દિવાળી અને શનિવારે નવા વર્ષની ઉજવણી કરાશે

**મંદિરોમાં શુક્રવારે દિવાળી અને શનિવારે અન્નકૂટનાં દર્શન**

બગસરા, તા. ૨૯

બગસરાનાતમામમંદિરના કોઠારી સંતો દ્વારા શુક્રવારે અન્નકૂટના દર્શન કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે પરંતુ તે દિવસે બેસતુ વર્ષ ઉજવવું કે કેમ તે નિર્ણય ન થતા લોકો દ્વિધામાં મુકાયા છે.

વિગત અનુસાર બગસરા શહેરમાં વર્ષોથી ધોકાનો દિવસ પાળવામાંઆવ્યોનથી. આવર્ષે પણબેદિવસ દિવાળી હોવાથી એક દિવસ ધોકાનો દિવસ ગણાય છે. બગસરાના તમામ મંદિરના કોઠારીસંતોદ્વારાથયેલનિર્ણય




મુજબ શહેરમાં ૧ નવેમ્બર રોજ અન્નકૂટના દર્શન યોજવામાં આવશે. જયારે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા બેસતુ વર્ષ તારીખ ૨ નવેમ્બરના રોજ ઉજવવા માટે જાહેર બોર્ડ મૂકવામાં આવેલ છે. અલગઅલગઉજવણીનેનેલીધેભક્તો અન્નકૂટના દર્શન કરવા જાય ત્યારે એકબીજાને નવા વર્ષની શુભકામના પાઠવવી કે નહી? તેવી દ્વિધામાં મુકાયા છે. વર્ષોથી બગસરામાં અન્નકૂટના ના દિવસેનવાવર્ષનીઉજવણીકરાતીઆવે છે તો આ વર્ષે આવો ફેરફાર કેમ? તેવો પ્રશ્ન પણ લોકોમાં ઉઠી રહ્યો છે.

---

### ૧૬૦ થી વધુ સમાજના અરજદારોએ લાભ મેળવ્યો

## બાબરા : અમરાપરા ગામે ચુવાળીયા ઠાકોર સમાજ દ્વારા રેશનકાર્ડ કેવાયસી કેમ્પ યોજાયો

**સમાજના અગ્રણી સુરેશભાઈ ધાખડા,નીતિનભાઈ રાઠોડ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા**

બાબરા, તા. ૨૯

રાજય સરકાર દ્વારા રેશનકાર્ડમાંકેવાયસીકરાવવાનીસૂચના આપવામાં આવતા તાલુકાના અરજદારો મામલતદાર કચેરી તેમજ સ્થાનિક એજન્સી પાસે પોતાના રેશનકાર્ડ કે વાય સી કરાવવા લાંબી લાઈન લગાવે છે ત્યારે અમરાંપરાના સુવાળીયા ઠાકોર સમાજના અગ્રણી સુરેશભાઈ ધાખડા દ્વારા સમાજના લોકોને રેશનકાર્ડમાં કે વાય સી કરવામાં તકલીફ તેમજ હલાકી ના પડે તે માટે ગામમાં સુવાળીયા ઠાકોર સમાજ મર્યાદિત રેશનકાર્ડ કે વાય સી કેમ્પનું



આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૬૦ થી વધુ સમાજના લોકોએ લાભ મેળવી પોતાનું રેશનકાર્ડ કે વાય સી અપડેટ કર્યા હતાં.

આ તકે જીલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ, સમાજના અગ્રણી સુરેશભાઈ ધાખડા, વેલનાથ પ્રગતિ મંડળના અગ્રણી સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## એ.એચ.પી.નાં પ્રમુખ ડો. પ્રવીણભાઈ તોગડીયાને મોહનભાગવત બાદ મોદીજીના તેડાં

અમરેલી, તા. ૨૯

વિહિન્દૂ પરિષદની જેમ આંતરરાષ્ટ્રીય હિન્દૂ પરિષદ અને સંઘ દ્વારા નવા જોડાણો કરવાનાં અને દેશમાં હિન્દુત્વને પ્રોત્સાહન આપવાનું કામ હાથ પર લેવાયું હોવાનો ગણગણાટ ઘણા સમયથી વધી રહ્યો છે. તેમાય ડો. પ્રવીણભાઈ તોગડીયાજી અને મોહનભાગવતજી વચ્ચે થયેલી ગુપ્ત મુલાકાત બાદ આ સમીકરણો વધારે સક્રિય થયાં હતા. કદાચ મહારાષ્ટ્રના રાજકારણને લીધે પણ બંને મળ્યા હોય. તેમ લાગતું હતું. આ રાજ રમતમાં વધુ એક વળાંક આવ્યો છે. હજુ લોક ચર્ચા પુરી થઈ પણ ન હતી ત્યાં મોહનભાગવતની જેમ મોદીજીની મુલાકાત માટે તોગડીયાજીને દિલ્લી બોલાવ્યા. સૂત્રોના મતે મોદીજી સાથેની બેઠક હજુ હિન્દુત્વના કાર્ય માટે નવો વળાંક લાવી શકે તેવું માનવામાં આવી રહ્યું છે. કાર્યકર્તાઓમાં ચર્ચા થઈ રહી છે કે



ભગવતજીને મળ્યા બાદ મોદીજીને તોગડીયાજીના કામ માટેના હિન્દુત્વના વિચારો અને અડગતાનો ખ્યાલ જ છે એટલે જ નિમંત્રણ આપી ને બોલાવ્યા હશે. બંને હિન્દુત્વ વિચારના મહેનુભાવો સાથેની મુલાકાત બાદ હાલમાં રાજકીય વર્તુળમાં ગણગણાટ છે. આધારભુત વર્તુળો દ્વારા મળતી માહિતી મુજબ ઉપરના લેવલે બધું ગોઠવાય ગયું છે.

---


## અમરેલી નાગરિક સહકારી બેંક લી.

રજી. ઓફિસ અને હેડ ઓફિસ : નાગરિક ભવન, કેરીયા રોડ, અમરેલી.-૩૬૫૬૦૧, ફોન : ૦૨૭૯૨-૨૨૨૦૦૦

**કબજા નોટિસ**
**(સ્થાવર મીલ્કત માટે)**

અમો નીચે સહી કરનાર અધિકૃત અધિકારી અમરેલી નાગરિક સહકારી બેન્ક લી.એ સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) તથા સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ અન્વયે મળેલ અધિકારની રૂએ કરજદાર **રસીકભાઈ લક્ષ્મણભાઈ સાંગાણી** ને તા. ૦૨/૦૨/૨૦૨૩ ના રોજ રજી.એડી.પોસ્ટ દ્વારા આપેલ નોટિસમાં બેન્કની બાકી લેણી પડતી રકમ **રૂા.૩૫,૦૦,૧૩૬=૦૦ (અંકે રૂપિયા પાત્રીસ લાખ એકસો છત્રીસ પુરા)** + તા.૦૧/૦૨/૨૦૨૩ થી ચડત બાકી વ્યાજ નોટિસ મળ્યા તારીખથી ૬૦ દિવસમાં ભરપાઈ કરી આપવા જણાવેલ.

ઉપરોકત કરજદાર નોટિસ મુજબ રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી બેન્કે ઉપરોકત કાયદાની કલમ ૧૪ અન્વયે આ મિલ્કતનો કબજો લઈને બેન્કને સોંપી આપવા માટે માનનીય ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી, અમરેલીને દરખાસ્ત કરેલ તેના અનુસંધાને તેઓએ તા. ૦૭/૦૮/૨૦૨૪ ના રોજ કરેલ હુકમ અન્વયે માનનીય કોર્ટ કમિશ્નરશ્રીએ નીચેના વર્ણનવાળી મિલ્કતનો તા. ૨૩/૧૦/૨૦૨૪ ના રોજ કબ્જો લઈને બેન્કના અધિકૃત અધિકારીને સોંપેલ છે. તેની કરજદાર, જામીનો તેમજ જાહેર જનતાને જાણ કરવામાં આવે છે.

આથી ઉપરોકત કરજદાર તથા જાહેર જનતાને સજાગ કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલ્કત સંબંધમાં કોઈપણ જાતનો વ્યવહાર કોઈએ કરવો નહીં, તેમ છતાં જો કરવામાં આવશે તો તે અમરેલી નાગરિક સહકારી બેન્ક લિ.,ની તા.૩૦/૦૯/૨૦૨૪ ના રોજની બાકી લેણી રકમ **રૂા. ૪૧,૪૨,૦૪૦=૦૦ (અંકે રૂપિયા એકતાલીસ લાખ બેતાલીસ હજાર ચાલીસ પૂરા)** + તા.૦૧/૧૦/૨૦૨૪ થી ચડત બાકી વ્યાજ વિગેરેના બોજાને આધિન રહેશે.

**કબ્જે લીધેલ મિલ્કતની વિગત**

ગુજરાત રાજયમાં અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાના અમરેલી સુધરાઈ હદમાં આવેલ સુખનાથપરા શેરી નં.-૭,માં આવેલ રે.સ.નં.-૯૪/૧ પૈકી પ્લોટ નં.-૧૭ ની જમીન જેનું ક્ષેત્રફળ ૩૩૬.૧૮ ચો.મી. છે. જે હૈયાત ઈમલા સહ આપેલ છે તે મિલકત. જેની ચર્તુદીશા નીચે મુજબ છે.

**ચતુર્દીશા :- (દસ્તાવેજ મુજબ)**
ઉત્તરે :- પ્લોટ નં.-૬ ની જમીન આવેલ છે.
દક્ષિણે :- લાગુ રસ્તો છે.
પૂર્વે :- સરીયામ રસ્તો આવેલ છે.
પશ્ચિમે :- પ્લોટ નં. - ૧૮ ની જમીન આવેલ છે.

તા :- ૨૯/૧૦/૨૦૨૪
અમરેલી

**અધિકૃત અધિકારી**
**અમરેલી નાગરિક સહકારી બેંક લી.,**
**હેડ ઓફિસ, રિકવરી વિભાગ**


---

### એઈમ્સનાં ડાયરેક્ટર ડો. ગુલેરીયાના હસ્તે

## અમરેલીનાં ડો.પી.આર. ત્રિવેદીને રોટેટીંગ ટ્રોફીનો એવોર્ડ એનાયત

**સમગ્ર જિલ્લાનું ગૌરવ વધારતી ઘટના**

અમરેલી, તા. ૨૯

ઈન્ડીયન મેડીકલ એસોસીએશન એ એલોપેથીક ડોકટરોનું નેશનલ લેવલનું સંગઠન છે. તેનું હેડ કવાર્ટર દિલ્હી છે. અને તેની નીચે ભારતનાં બધાં રાજયોમાં તેની શાખાઓ આવેલ છે. આસંગઠન ડોકટરોનાં પ્રશ્નો માટે કામ કરે છે. અને ડોકટરોનાં હિતો માટે હંમેશા કામ કરતુ હો છે આવી જ એક બ્રાંચ ગુજરાત રાજની છે અને તેની નીચે ગુજરાતનાં બધા જિલ્લાઓ અને તાલુકાનોની બ્રાંચો કામ કરે છે તાજેતરમાં ગત તા. ૧૯ અને ૨૦ ઓકટોબરનાં રોજ રાજકોટ મુકામે તેની કોન્ફરન્સ મળી ગઈ આ કોન્ફરન્સમાં સમગ્ર દેશમાંથી જુદા જુદા વિષયોમાં નિષ્ણાંતોએ



માર્ગદર્શન આપ્યું આ રાજયની બ્રાંચ દ્વારા ગુજરાતમાં જે કોઈપણ જિલ્લા કે તાલુકા બ્રાંચે સર્વશ્રેષ્ઠ કામ કર્યુ હો તેને એવોર્ડ આપવામાં આવે છે, આ વખતે આ એવોર્ડ દિલ્હીમાં એઈમ્સના ડારેકટર ડો. ગુલેરિયાનાં હસ્તે આપવામાં આવેલ આ વખતે અમરેલી બ્રાંચને આઈએમએના ગોલને હાંસલ કરવા માટેના પ્રયત્નો માટે ડો. પી.આર. ત્રિવેદી રોટેટીંગ ટ્રોફીનો એવોર્ડ ડો. ગુલેરિયાનાં હસ્તે એનાયત કરવામાં આવ્યો. ડો. ગુલેરિયા કોરોના કાળમાં આખા દેશનું સંચાલન કરતા હતા.

---

### ચૂંટણી પ્રચાર દરમિયાન તબિયત લથડતા

## અમરેલીનાં પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીની એન્જીયોપ્લાસ્ટ કરાઈ

**નાસીકની હોસ્પિટલમાં સારવાર શરૂ**

અમરેલી, તા. ૨૯

અમરેલીનાં પૂર્વ ધારાસભ્ય અને પૂર્વ વિપક્ષી નેતા પરેશ ધાનાણીની મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર દરમિયાન તબિયત લથડતા



તેઓની એન્જીયોપ્લાસ્ટ નાસીકની હોસ્પિટલમાં કરવામાંઆવી હોવાનુંજાણવા મળેલછે.

હાલતેઓનીતબિયત સ્થિરહોવાનુંજાણવામળેલછે.

---

## ફરી એકસાથે સિલ્વર સ્ક્રીન પર દેખાશે સલમાન-શાહરુખ

મુંબઈ, તા. ૨૯

અત્યારે જયારે બોકસ ઓફિસ પર મંદી છે, ત્યારે જૂની ફિલ્મો થિયેટરોમાં ફરીથી રિલીઝ કરવામાં આવી રહી છે. અત્યાર સુધી ઘણી કલ્ટ કલાસિક ફિલ્મો થિયેટરોમાં ફરીથી રિલીઝ થઈ છે. હવે આ યાદીમાં સલમાન ખાન અને શાહરૂખ ખાન સ્ટારર ફિલ્મ 'કરણ-અર્જુન' પણ સામેલ થઈ ગઈ છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર રહી હતી. હવે ૯૦ના દાયકાની આ આઈકોનિક ફિલ્મ ફરી એકવાર દર્શકોના મનોરંજન માટે સિનેમાઘરોમાં આવી રહી છે. તેમજ સલમાન ખાને પણ ૩૦ વર્ષ પછી 'કરણ અર્જુન'ની ફરીથી રિલીઝ થવા પર સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને પોતાનો ઉત્સાહ શેર કર્યો છે.ઉલ્લેખનીય છે કે, આ ફિલ્મમાં સલમાન ખાને કરણનો રોલ કર્યો હતો. જયારે શાહરૂખ ખાને અર્જુન કપૂરનો રોલ કર્યો હતો. આ ફિલ્મ હવે ફરીથી ૨૨ નવેમ્બરે થિયેટરમાં રિલીઝ થશે. આ દરમિયાન, સલમાન ખાને તેના ઠ એકાઉન્ટ પર ફિલ્મનું ટીઝર શેર કરીને તેના વિશે પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો છે. તેણે મજાકમાં લખ્યું, ''રાખીજીએ ફિલ્મમાં સાચું કહ્યું હતું કે, 'મેરે કરન અર્જુન આયેંગે...' ફિલ્મ ૨૨ નવેમ્બરે દુનિયાભરના સિનેમાઘરોમાં આવશે!''હિતિક રોશને પણ 'કરન અર્જુન'ની રી-રિલીઝ પર પોતાનો ઉત્સાહ વ્યક્ત કર્યો છે. ઉલ્લેખનીય છે કે, 'વૉર' એક્ટરે ફિલ્મમાં તેના પિતા સાથે કેમેરાની પાછળ કામ કર્યું હતું. હિતિકે ટીઝર શેર કર્યું!''કરન અર્જુન પુનર્જન્મ વિશેની એક કલ્ટ ક્લાસિક ફિલ્મ છે જે બે ભાઈઓ કરણ (સલમાન ખાન) અને અર્જુન (શાહરુખ ખાન)ની આસપાસ ફરે છે જેઓ તેમની માતા (રાખી)ની રક્ષા કરતી વખતે મોતને ભેટે છે. બંને પુત્રોના મૃત્યુ પછી, માતા કહે છે કે, મારા કરણ-અર્જુન પાછા આવશે અને બદલો લેશે. ફિલ્મમાં કરણ અને અર્જુનનો પુનર્જન્મ થાય છે અને પછી તેઓ એ જ ગામમાં જાય છે જ્યાં તેમની માતા તેમના પરત આવવાની રાહ જોઈ રહી હતી. આ ફિલ્મમાં કાજોલ અને મમતા કુલકર્ણી પણ હતાં.




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)